गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजरातनो कॉपीराइट विभाग]

ग्रन्थांक ૧૫૮૩૫ वर्गांक

पुस्तक नाम શ્રી ભાનુ ગાયન સંગ્રહ

ભાગ-૧૧૧૧૨

विषय

—: અસલ સંગીત :—

ફોનોગ્રાફ ગાયન

સંગ્રહ

ભાગ ૧ થી ૧૨ સાથે

કાગઝી મહમુદ એન્ડ મહમદભાઈ

—: માટે :—

સંગ્રહ કરી પ્રગટ કર્તા

શા. ચુનીલાલ મગનલાલ બુકસેલર

ઠે૦ રાણીતળાવ, મેઈનરોડ, સુરત.

બ્હોળા સુધારા વધારા સાથેની નવી આવૃત્તિ.
સંવત ૧૯૮૬.] copy Right by C. M. SHAH [સને ૧૯૩૦

કીમત દશ આના.

સુરત બરાનપુરી ભાગળ બાજીવાળી પોળમાં આવેલા મો અનાવિલ
બંધુ પ્રીન્ટીંગ પ્રેસમાં ગોવિન્દજી ડાહ્યાભાઈ નાયકે છાપ્યું.

૧૭૮-૪૬

નવલકથાના રશીયાઓ માટે પ્રગટ થયલી નવિન બુકો.

પૈસાદારની પુત્રી પ્રેમની-પ્રતીમા કે ઇજ્જતનું લીલામ. શ્રીમંત પીતાની બહુજ લાડકી છોકરીના પરાક્રમ. શ્રી રૂપમાં અંધ બની મોહઘેલાઓ શું શું કરે છે. એ જાણવું હોય તો જરૂર વાંચો લગભગ ૨૨૫ પ્રષ્ટ છતાં કીં. રૂા ૧-૪-૦

આકાશમાં આકસ્માત યાને પેરીસની પરી. અદ્ભુત રસભરી નવિન નવલકથા ચમત્કારોથી ભરપુર ૧૭૫ પાના. કીં. રૂા. ૦-૧૨-૦

રાજમહેલનું રમખાણ—પ્રેમનું તોફાન કપટીનાં કારસ્થાન રાજમહેલની રંગીલા છળકપટથી ભરપુર વાર્તા ૧૬૦ પાના. કીં રૂા ૦-૧૨-૦

જાપાની જાદુગર—ઉડતા મહેલની વાત નશાની બલીહારી બતાવતી અલાદીનના જાદુઈ ફાનસ જેવી ચમત્કારી વાર્તા. કીં. રૂા. ૦-૧૨-૦

આકાશમાં ઉડતો ઘોડો— દૈવી ચમત્કારથી ભરપુર જાદુઈ અને તલવારમાર ભરી વાર્તા-સાથે કળા કારીગરીની કરામત-અનેક પરાક્રમથી ભરપુર એક વાર જરૂર વાંચો નવિન વાર્તા. કી રૂા. ૦-૮-૦

સાત સૂંઢનો હાથી—આ નવલકથામાં જાદુઈ ચમત્કારના દીલ ધડકાવનારા કામો દૈવિ શક્તીના પ્રભાવો. વગેરે અજાયબીથી ભરપુર છે. કીં ૧-૮-૦

આ અને એ શીવાય બીજી બુકો માટે પુછો દરેક બુકની કીંમત ઉપરાંત વી. પી. પોસ્ટ ખર્ચ વધુ સમજવું-મળવાનું ઠેકાણું:—

શા૦ ચુનીલાલ મગનલાલ બુકસેલર

રાણીતળાવ મેઇન રોડ—સુરત.

સંગીતનાં શોખીનોમાં માન પામેલી — જન સમાજમાં પ્રખ્યાત થયલી

અસલ -સંગીત-

ફોનોગ્રાફ ગાયન સંગ્રહ

ભાગ ૧ થી ૧૨ સાથે.

વીર—કુણાલ.—રાગ,ગઝલ—

અમારા દેશને છોડી, અમે થાનાર પરદેશી;
હૃદયને મેળવી લેશી, અમારો પ્યાર પરદેશી,
થયાં દુર્ભાગીયાં એવાં, તજાવી દેશની સેવા;
ભટકશું પારકા ઘરમાં, બની લાચાર પરદેશી.
અમારી ધર્મ નીતિથી, અમારી સત્ય રીતિથી;
અમે સતકર્મથી થઇશું હૃદયના હાર પરદેશી.
અમારા દેશ બંધુઓ અમારી જન્મ ભુમીમાં;
હવે છેલ્લા પ્રણામો છે, અમે હદપાર પરદેશી.

બલીરાજા.

મારી સજની તું ક્યાં રમીઆવી રજની, સાચું બોલ, બોલ, બોલ,
શાણી સેવર, તું શીદને આળ ચઢાવે, કેડો છોડ, છોડ, છોડ !
હમણાં માળા ગુંથા હતીને, હમણાં કેમ કરમાણી,
પરસેવો તને ક્યાં વળ્યો, તારી ભમ્મર ક્યાં ભીંજાણી—સાચું.
—કાળો ભમરો શીર પર બેઠો, ઉરાડતાં ધબરાણી,
લાપોટે લટ છુટી ગઇ—મારી ભમ્મર ત્યાં ભીંજાણી—કેડો
કસ્તુરી તારા અંગે મહેકે, કુસુમકળીના હારો,
નયન રહ્યાં છે નાચી નવેલી મળીયો કોણ ઠગારો—સાચું
—ચંદ્ર—સરોવર નહાવા ગઇથી, વાટે મળ્યો એક માળી,
છાબ ભરીને ગજરા આપ્યા, હું તો તમથી હારી—કેડો

રાજા જશવન્તસિંહ —રાગ ભજન—

મારા ભવની ભાવટ ભાગીરે જોગીડા જુના—
લગની તુજ નામની લાગીરે જોગીડા જુના—
વચનો ભેદ ભર્યાં ભેદુનાં, હૈયાં તુજવીણ સુના—
આ કામણગારી નારીએ શું કામણ મુંજને કીધું ?
તન દઇને મનડું લીધુરે-પણ દુ:ખ વિયોગનું દીધુ—
નીશદીન સાથ રહું સમજુના........મારા ભવની—

મહાશ્વેતા કાદમ્બરી—રાગ—ભજન—

રૂપે શું મન રાચોરે. કાયાનો રંગ કાચોરે ભગવાન ભજો (૨)
હાડ માંસને રૂધિર ભરેલું મઢયું ચામડે અંગ, (૨)
ગંદા દેહનો ગર્વ નકામો, કાયાનો રંગ પતંગ.
ભરૂંસો નહીં સાચોરે, કાયાનો રંગ કાચોરે, ભગવાન ભજો—

ભરથરી–પીંગળા અને ભરથરીનો સંવાદ—

ધીક યુવા ધીક મુજને, ધીક કામ વિકારજી;
જેણેરે ભુલાવી મને સત્યથી, કર્યા નીચ વિચારજી,
—ભેખરે ઉતારો રાજા ભરથરી.
ક્ષમા કરોરે રાજા રંક હું નારી–અજ્ઞાની જાતજી;
અન્ય વખત એવું નહી કરૂં, બાંધ્યા માતને તાતજી–ભેખરે.
કપટ રૂપીરે રાણી પીંગળા, એવું બોલે વચનજી;
રાજરે તજ્યું તુજ કારણે, જો વિચારીને મનજી;
—ભિક્ષા દેને મૈયા પીંગલા.
તુંરે ખોટી ને ખોટું રાજ છે, ખોટો સારો સંસારજી;
અલખ જગાવું વન એકલો, જેથી પામું ઉદ્ધારજી.–ભિક્ષા.
રહો તો રાજા રસોઇ કરૂં, જમતા જાઓ સ્વામીનાથજી;
ક્ષિરરે નીપજાવું ક્ષણ એકમાં, જમીએ આપણ સાથજી.–ભેખરે
મહીરે કરાવું રંગ મહેલમાં, રાખું શુભ આવાસજી;
જેમરે જાણે નહિ જગતમાં, સાધો–જોગ રહી પાસજી–ભેખરે.
મહેલરે તારાને રાણી શું કરૂં, કેવો શુભ અવાસજી;
ક્ષિરરે ભોજન તારૂં રાણી શું કરૂં, નથી ભોગની આશજી–ભિક્ષા.
વાસી જંગલના જોગી અમે, નહી ગામમાં વાસજી;
વિષની વેલીથી અળગો રહું, નહિ નારીનો પાસજી.–ભિક્ષા.
ભગવા ભેખ રાજા ભરથરી, દાવાનળ દીલ થાયજી;
માઇ–કહો–ન–મારા કંથજી, લાગે દેહમાં લાયજી.–ભેખરે.
વધુરે શું વદૂં રાણી પીંગળા, કરૂં અરે કેટલો ઉચ્ચારજી;
બંધુ જેવોરે બંધુ તજ્યો, માર્યો વચન નો મારજી,
હવેરે રાજને રાણી શું કરૂં ?

વાંકોરે વિધાતા મને ભુલાવી, લખીયા લેખ લલાટજી,
આનુંરે પ્રાયશ્ચિત હવે શું કરૂં, મારગ આપો પૃથ્વી માતજી—ભેખરે.
ત્રણશો નારીરે અન્ય આપની, માળવપતિ મહારાજજી;
એકને કારણ એને નવ તજો, પાપી પીંગળાને કાજજી—ભેખરે.
મોહ છોડી દે રાણી પીંગળા, પ્રીતે કર સતસંગજી;
સગુરે નથી કોઇ કોઇનું, આ સંસાર પતંગજી.—ભિક્ષા.
દેતી હું તો ભિક્ષા દે મુને, નહિ તો કરૂ ગૃહ ત્યાગજી,
ગુરૂજી મારારે રોશે થશે, ચાલી જાય જમાતજી—ભિક્ષા.

મહાશ્વેતા કાદમ્બરી —:═══:—

થઇ પ્રેમવશ પાતાળીઆ, મારા મનના માલીક મળીયારે...(૨)
પ્રીતે કરો મુખવાસ, સજનવા રાજ હૃદયના વાસી.
પ્રેમદા પ્રીત જ્યોત પ્રકાશી, મારા મનના મનોરથ ફળીયારે...થઇ.
ભાગ્યવંત કર્યો ભગવતી મુજને, જીવન સફળ થયું મારૂં
કરો શ્રીહરિ શુભ તમારૂં, મારા મનના માલીક મળીયારે...થઇ.

વીર કેશરી—રાગ—ગઝલ,—કવ્વાલી—

થવાનું ના થવાનું કહે; નજુમી કોણ એવો છે;
ન જાણ્યું જાનકી નાથે; સવારે શું થવાનું છે?
હતી શલ્યા રૂપે "અહલ્યા" જગતમાં વાત જાહેર છે;
ન જાણ્યું જ્ઞાની ગૌતમે; સવારે શું થવાનું છે?
હતા કૌરવ અને પાંડવ; જગતમાં મહાબળી યોદ્ધા;
ન જાણ્યું ભીષ્મ જેવાએ; સવારે શું થવાનું છે?
રમ્યા જુગટું સહુ સાથે; વિભુતી સૌ ગયા હારી;
ન જાણ્યું ધર્મ જેવાએ, સવારે શું થવાનું છે?

દલપત ભજન. **-રાગ-ભજન-**

મોહનજી તારી મોરલી,
વ્રજનારને વેરણ થઇ!
(૨) હે.........હરી.
કોમળ સુરે કાળજું કોર્યું,
ચીતડું ચોર્યું વેરણ થઇ—મો.
કામ તો હવે કાંઇ ન સુજે—(૨)
સાંભળતા શત્રુ થઇ—(૨)
માતાપિતા તણી લાજુ તજીને,
વૃંદાવનમાં ગઇ—મોહન.

વ્રજનારને વેરણ થઇ, મોહન તારી મોરલી તારી મોરલી—(૨)
આવા આવા કારમાં કામણ (૨) શામળા સીધા થઇએ—મોહન.
દુઃખડાં કેરાં ડુંગર ડોળ્યા. મા બાપડી ક્યો પઇએ—મોહન.
"દલપત" વીહના દેવને મળવા (૨) ગોપીઓ ગોકુળ ગઇ—મોહન.

મહાશ્વેતા કાદમ્બરી —:═══:—

શું કહું કથની મારી રાજ, શું કહું કથની મ્હારી.
હું તો દૈવના ત્રાસે હારી રાજ.....................શું કહું.
પરખી પારિજાતિક મેં અર્પણ કીધું મન મ્હારૂં,
પતી તજી પરલોક સિધાવ્યા, હરી જીવતર મમ ખારૂં રાજ—શું કહું.
ચંદન કાષ્ટની ચિતા રચાવી, પતિ સહગમનની આશે,
શુન્ય દેહ મમ સ્વામી તણો પણ, ઉડી ગયો આકાશે રાજ —શું કહું.
અરપ્યું મેં સર્વસ સ્વામીને, પ્રેમની કફની ધારી;
તજી જગત જંજાળ સર્વ હું, પ્રીતે ભજું ત્રીપુરારી—શું કહું.

ભરથરી— **રાગ-મરશીયા—**

હાય, કેમ આ સહેશે ઉજેનીની રંડાપો, ધણી થઈ છે રાજાજી માર્‌ રાખો
બાણુ લક્ષ માળવાના છો સ્વામી, કામ કોડીલા રૂપે ન ખામી,
ગૌર અંગે ભભુત શી જામીરે,—હાય, કેમ૦
એક બાજુ કૃષ્ણા તમારી રૂએ, ચંદ્રકળા ચોધાર નીર ચુએ,
આપુ સુખે ન આજ કોઈ સુએરે—હાય૦
મેહલે મેહલે વિલાપ છાયો છે. પવન શોકનો સબળ વાયો છે;
કળકળાતાં બાઈઓ ને ભાઈઓ છેરે—હાય૦
ખાંધે લટકી શી ભગવી ઝોળી, આવ્યા વસ્ત્ર કયાં ગેરૂ ઝબોળી
હાય હૈડામાં પ્રગટાવી હોળીરે—હાય૦
નથી વિક્રમ ભાઈની કંઈ આશા, કીધાં કરમે એવારે તમાશા;
એણે બીજાં જંગલ કયાંઇ વસાવ્યારે—હાય૦
ધણી નોધારા અમને કરોમાં, આવું અણુધાર્યું પગલું ભરોમાં,
જોગી જીવતાં ચિત્તામાં ધરોમાંરે—હાય૦

વીર કેશરી —રાગ. ગઝલ—

ખરા તે હીંદના સંતાન લડે જે હીંદને કાજે,
લડે જે હીંદને કાજે, મરે જે હીંદને કાજે.
ડુબાતો દેશને દેખી, ચડે વારે ઉમંગેથી,
પ્રભુ કે બાદશાહોથી, ઝુઝે જે હીંદને કાજે,
ન મોહે માયા મહોબ્બતમાં, ન લોભે માલ દોલતમાં,
જીવત જર પ્રાણ સૌ પળમાં, તજે જે હીંદને કાજે.
યતોધર્મ સ્તતોજય છે, કરો યાહોમ શો ભય છે;
અમર તે થાય છે નિશ્ચયે; મરે જે હીંદને કાજે,

મહાશ્વેતા કાદમ્બરી —:═══:—



મંજરીએ મંનડું મોહ્યું રે
મન ગમતા મહારાજ—
મારામનગમતામહારાજ
એ શું દીલડું અમમોહ્યુંરે
મન ગમતા મહારાજ—

("શું આ પુષ્પ તમને બહુ ગમે છે ?")

સાખી { "મનનેતો ગમતુ ઘણું મુખથી કેમ મંગાય,
વણુપીછયે વીણુ પારખ્યે, ઘટેમાનમુનિરાય,

સાખી { "માગ્યે માન ઘટે નહિ જેવું જ્યાં દાતાર
"સુખે સ્વીકારો પુષ્પ આ ધરોકર્ણ મોઝાર

અતિ ઉદાર દીલ તમે જોયું રે......મનગમતા

ઉદયભાણુ—   રાગ—ભજન

મન માયાના કરનારારે, જરી જોને તપાસી તારી કાયા,
પુછી જોને તું પંડીત પુરાણુારે, કોના અમર છે લેખ લખાણા;
કાચી છે કાયા આ, માટીની માયા, છે માટીના ખેલ બનાયા,
શાણા તો સમજી અલગ થયા, પણ બાલક બીચારા લપટાયા.
લાખોની પાંખો ગઈ છે પીંખાઈ, જેણે મૂછપર લીંબુ ઠરાયા;
કાળના કો'વાડેથી કોણુ બચ્યું છે, ભલે રંક કે હોય મહારાયા,
સંધ્યાના જેવા રંગ સોનેરી, વંધ્યાને લાડ લડાયા;
જોબનને તન ધન તેવા સમજવાં, પાણીમાંના પડછાયા.

લીલાવતી —:═══:—

અરજી સાંભળોને સરકાર મુજને ગાઠતી નથી ઘરનાર [એ ટેક].
અગીયાર વાગે ઉંઘમાંથી ઉઠી, તરત તડકે જાય;
દાતણ કર્યા વિના મોગરીને મુળા. ખોળામાં લઇને ખાય—અ.
વાંકું ચુકું બોલી વડવું ને રડવું, કુઆડ શાંડને રોજ,
ઘરમાંથી ગોળ ઘી ચોરી ખાવાની, ખોટી પડી છે ખોજ,—અ.
પાડા પડોશીને ડોસી ડોસાથી, લડી ચુકી લાખવાર,
પોતાના બાળકને નિત્ય બઝુડે, મારે મને પણ માર.—અ.
રાખના ઢગલામાં ફોરા પડયા જેવું, રાંડના મોઢાનું રૂપ,
ભુત ભડકામણી બારે કુબારજા બડકી મરૂં છું રે ભૂપ.—અ.
સુગરીના માળા સરખું છે માથું, વેંત વેંત લાંબા વાળ.
ખણતાં જુવોના ટોળા ખેરવે, પરસેવાની પડનાળ.—અ.
હોળી-દીવાળીએ ન્હાવાનો નેમ છે, વડી ચતુર છે વહુ,
અંગે ઓઘરાળાને લુગડામાં લીખો, મારવાડ કેરી મઉ.—અ.

વીણાવેલી— —:═══:—

કાયા કાચો કુંભ છે, જીવ મુસાફર પાસ,
તારો ત્યાં લગી જાણજે, જયાં લગી શ્વાસોશ્વાસ,
સદા સંસારમાં સુખ દુઃખ—સરખે સરખાં માની લઇયે,
રાખે જેવી રીતે રામા, રંગે તેવી રીતે રહીએ —સદા.

સાખી { પીંપળ પાન ખરંતા હસતી કુંપળીઆં
{ મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડીઆં.

દશાના ઢંગ રૂતુના રંગ જેવા દેખી લઇએ—સદા.

સાખી { કદી મેહલો ને માળીઆં, કોમળ છપ્પર ખાટ;
{ કોઇ દીન એવો આવશે, ભુખ્યે ન મળશે ભાત —સદા.

મહાશ્વેતા કાદમ્બરી —રાગ- ભજન—

રામ ભજ તું પ્રાણીયા,
તારા ભવની ભાવટ ભાંગશે (૨)
("બોલો રામ-સીતારામ")
પંખીડા જો તું વિચારી-
કર્મ તારા લે સંભાળી,
વાસના નઠારી..........તુને
રૌવરૌવ નર્કે નાંખશે-રામ
મૂઢ તેં મતિ વિસારી,
મતિ તેવી ગતિ તારી,
ઉડજે સંભાળી તારી-
કાયા કંચનની થશે-રામ.

અરૂણોદય

તમે જો જો ન વાયદા વીતાવજો,
પીયુ પહેલી પેસેંજરમાં આવજો;
હાર તોરાથી સ્વાગત્ શોભાવજોરે—પીયુ.
શિલ્કની કીનાર કોઈ વાયલ આછેરાં,
કોઇક નવા નાટકના અચ્છાં ઓપેરા.
થોડા હેન્ડબીલ હેર ઓઇલનાં લાવજોરે—પીયુ
એક હારમોન્યમ પેરીસનું લાવજોરે,
આવવાનો તાર મને આગળથી આપજોરે.
તમે સામા સ્ટેશન પર સોધાવજો—પીયુ

અલીરાજા —:═══:—

વશ કીધો તેં વીર મારો, જે 'ગુણીયલ ને બહુ' સારો,
નથી વાંક જરા કાંઈ મારો નણદલ તમ વીર ઠમારો;
રંગ મહેલમાં હતી એકલી આવી આપણું કરી ગયા,
ચુંબન કરી, ભરી અંક મીલાવી, મોહન મનડું હરી ગયા—નથી.
—વસંત—જોબન ફુલવાડીમાં ભુલો પડી ગયો ભમરો,
લાલચે આપી તેં લલચાવ્યો, બહુ ડાહયો ડમરો—વશ.
શરમાળો મને સાન કરીને કંચુકીની કસ છોડી,
હૃદય—ધરાપર થન થન નાચ્યા, લાજ શરમ સૌ તોડી—નથી.
—વદન ચન્દ્ર છબી—રતી લજાવે બહુરી કામણગારી,
બંધુમારો સરળ હૃદયનો કળા અજબ છે તારી—વશ.

વિણાવેલી— —:═══:—

અરે આ શું માનવનો અભિમાન પલકમાં ટળી જશેરે,
ખરે જેમ પીંપળ ઉપર પાન—પલકમાં ખરી જશેરે.
પલકમાં ખરી જશેરે—માટીમાં મળી જશેરે—અરે૦
ઘડી જીવતરમાં ઘડી એક સુખની ના......રે નથી;
મૂઢ મમતમાં તોયે મરતા આ અ......રે મથી.
પામર નર નાદાન......અરે શું

સાખી { "કાયા કલેવર કારમું, છે ગંદકીનો ધાડવો;"
'સમજુ જને સમજી જઇ, અભિમાનને વણસાડવો."

સાખી { "અભિમાન ઇશ્વરને નહિ. દુઃખ પાઇને પેધાડવો.'
"રાવણ સરિખા રાજવીએ. લીધા નથી કઇ લાડવો.

માલતી-માધવ.

—:═══:—

નાનકડી નાજુક નાર બહુ નાનકડી, બહુ નાનકડી
મારા બાબાની હું લાડકડી (૨) હું લાડકડી (૩)
આંખ તણે મટકે પટકું હું લાલને-
નાની શું સમજે વ્હાલાના વહાલને
(હું તો બધુંએ સમજું છું)
જાણીબોજો ભરથાર, તું બહુ માથે ચડી(૩)નાનકડી.

બિલ્વમંગળ ઉર્ફે સુરદાસ. રાગ-ભજન.

આ તારાં વચનો સારાં, સ્નેહે સાંભળતાં
શાન્તિ પામ્યું મન મારૂં રે આજે—આ.
જગની જંજાળમાંથી બાળતો બચાવ્યોજી,
ધન્ય ગુરૂ ચીન્તામણી, ધારૂં રે આજે!
—ભકિત ભગવાન કેરી કરતાં હમેશાંજી.
થવાનું ત્વરાએ શુભ તારૂં રે શાણા—આ તારાં,

વીર કેશરી

—:═══:—

આપ પાપડવાડીમાં પધારજો લ્હેરીલાલ,
મંદીરની સામે મકાન છે, નીચે દેશી દારૂની દુકાન છે.
રંગરંગીલી ચાલ મારી પાડોશમાં તુલસી કયારાનું નિશાન છે?
છજામાં! તુલસીના ઝાડનું નિશાન છે-લ્હેરીલાલ.
અખંડ અને અભંગ આજ સાંજ પહેલા પધારજો.
હડતાવાળાનું તોફાન છે, જયાં હડતાવાળાનું તોફાન છે-લ્હેરીલાલ.
જોખમ ભરેલું કામ પુરી પંચાત છે, ધારતી છે! આફતમાં
જાન છે, મારા બાપ ધારતી છે-લ્હેરીલાલ.

સંગીત લીલાવતી —:═══:—

લાજ છોડી છેક તેં છકેલ છોકરા બાપની તેં આબરૂના કાંકરા કર્યા
આવી છે દીવાળી હોળી હવામાં બળે, જઉં છું. વહુને
તેડવા પણ દાડા શા વળે. લા.
સે–સાસરામાં જાવે છે જમાઈને સહુ, માટે નહિ મોકલે વેવાઈ તો વહુ. લા.
સ–કરવાને વીવેક લોક લાજથી જવું.........................
જો–ગાડી લાગ્યો ખોટી ક્યાં સુધી થવું.
(બિલ્વમંગળ ઉર્ફે સુરદાસ —રાગ–ભજન—
દાસ પરે દયા લાવોરે, દયાળુ દેવા, દાસ પરે, દયા લાવો–ટેક.
સંસાર સંબંધ ત્રોડી જીવ આપ ચરણે જોડી,
હું તો બની બેઠો, આવો આવોરે—દયાળુ.
આંખો વિના સંકટ આવું, ખાડામાં ગોથા ખાઉં,
વાગે–અવિનાશી આવો આવોરે—દયાળુ.

બલીરાજા —:═══:—

આનંદ મંગળ આવ્યો પરણાવી લેશું લ્હાવો,
મારી વેવણ રસીલી જોડી શોભશે?
નિરખી કન્યા કહેશો, મુખ જોઈ તાકી રહેશો–મારી.
વાહ ઠીક મળ્યું છે ટાણું, એક લુલું ને બીજું કાણું;
મળી વેવાઈને વેવાણું ફેરાં ફેરવોને ઝટ–આનંદ
ફેડાકિયા તમે જોશો, હોળીને દહાડે રોશો;
કેવી જાન જોડી હું આવું, દુનિયામાં ડંકો વાગશે–આનંદ.
તડાકીયા કહું તમને, અતિ ઉમેદ મનમાં અમને,
વાજાં વગડાવું જો જો, ફેરશુશામનો ફડાકો–આનંદ.

(મુંબઈની ફેશનેબલ શેઠાણી!) રાગ-ગઝલ—

તમે મુંબઈ વિષે આવ્યા, નિહાળી સર્વ હરખાયા
છતાં સાહેબ ઓ મ્હારા! જુઓ મુંબઈની શેઠાણી?
અહા! મુંબઈની અલબેલી! છેલી કંઈક સુધરેલી,
લટકતી લાજને મેલી, જુઓ મુંબઈની શેઠાણી?
ફરે છે કંથ ઉઘરાણી, ભખે નાણું નયનતાણી
છતાં કહેવાય "શેઠાણી" જુઓ મુંબઈની શેઠાણી?
પતિ પરદેશમાં આવે, પ્રિયાને પાસ તેડાવે;
પછી વહુ પાંખ ફફડાવે, જુઓ મુંબઈની શેઠાણી?
સ્વદેશે કામ સૌ કરતી, ખુશીથી ખાંડતી દળતી;
હવે રામા વિના રડતી જુઓ મુંબઈની શેઠાણી?
ઘરે સસરો અને સાસુ ખરચ વિણ ખેરવે આંસુ
જમે વહુ મિષ્ટ ફરમાસુ જુઓ મુંબઈની શેઠાણી?
કુવેથી ખેંચતી પાણી નણંદની સાચવે બાણી
હવે થઈ રાવની રાણી જુઓ મુંબઈની શેઠાણી?
ધણી મુંબઈ તણી નારી બનાવે ઠાઠ બસ ભારી
બને વર થાય ભીખારી, જુઓ મુંબઈની શેઠાણી?
અને મુંબઈની શેઠાણી કરે પઈસા તણું પાણી
રળે વર ટાંટીઆ તાણી જુઓ મુંબઈની શેઠાણી?
પતિ શીતેર લાવે છે, સકળ પત્ની ઉડાવે છે,
છતાં દેણું કરાવે છે, જુઓ મુંબઈની શેઠાણી?

વસાવે નવનવી સાડી, ફુલેલી ફેન્સી ચોળી;
ખરીદે બુટની જોડી, જુઓ મુંબઇની શેઠાણી ?
સુવાસિત તેલને અતર, રૂમાલો રાખતી સતર,
ગણે છે કોણુ ત્યાં ગણુતર ! જુઓ મુંબઇની શેઠાણી ?
કબાટો કે ત્રીજોરી ના–છતાં દશબાર ચાવીના;
રૂપાના રાખતી ઝુડા, જુઓ મુંબઇની શેઠાણી ?
જશે નાટક તમાસામાં અગર સરકસ–સીનેમામાં;
ગણે મ્હોટાઇ ભપકામાં જુઓ મુંબઇની શેઠાણી ?
સદા–નરવી રહે નાડી, જતાં કંઇ જોઇશે ગાડી;
જશે લટકા કરી લાડી, જુવો મુંબઇની શેઠાણી ?
કરે ઘરકામ સૌ ઘાટી—પદ્મણી પાળવે જાતી;
અહા ? હોંસે હવા ખાતી, જુઓ મુંબઇની શેઠાણી ?
નથી નારી સકળ એવી, સતી કંઇ છે સીતા જેવી;
દયા સૈભાગ્યની દેવી અસલ છે એજ શેઠાણી ?
નકલ કરનાર શેઠાણી ? સુણી ના દોપશો વાણી;
હશે પરમાર્થિ ને શાણી, ખરી મુંબઇની શેઠાણી ?
અપંગો પર દયા આણી, દુઃખીના દર્દને જાણી;
મદદ દેતાં ન અચકાણી ! અહાહા ! એજ શેઠાણી ?
સ્થિતિ સ્વામી તણી જાણી; વીના"ઘાટી"ન ગભરાણી;
શિયળવંતી વિનયવાળી, ગુણી ગૃહરાજ્યની રાણી ?
("શા. મણીકાન્ત"ની કાવ્યમાળામાંથી)

કંસવધ.

કાનુડા તારી કામણ કરનારી, વ્રજમાં વાંસલડી વાગી.
મીઠી ને વળી મોહક, મન વશ કરનારી—વ્રજમાં.
મન વશ કરનારી, સ્વર સુણતાં લાગે સુખકારી;
હું શેથી, (૨) તમ વિણુ થઇ છું ગિરધારી—વ્રજમાં.

ભિષ્મ પીતામહ.

જખમના દરદો જખમી જાણેરે, વિણુ-જખમી શું જાણે.
મરદન ઘા તો મરદ વખાણે, કાયર શું જાણે.
ઓ બાઇજી.........................કાયર શું જાણે;
આમ્ર સ્વાદમાં કોકીલ માણે મૈના દાડમ દાણે,
હરખી હરખી હંસ કમળના કોમળ તંતુ તાણેરે;
બગલા શું જાણે...............ઓ બાઇજી.........જ૦
પતિ-પત્ની માણે રતીરસમાં કામદેવને બાણે,
શું સમજે તે જોગી જન્મનાં, જે જગ મીથ્યા જાણેરે;
જાણે તે જાણે.................ઓ બાઇજી.........જ.

વૈરાટપર્વ રાગ—ભજન.

કાયા માયા કોઇકી નાહીં બાઇ, સબ કહેતેહંય અપની અપની.
સત્ય જુગમેં હરિશ્ચંદ્ર ભયે રાજા, સત્યકી સત્ય કહી,
એક સત્ય કે કારને ઉને કાયા—બેચ દઇ ?
ત્રેતામે રાવણ ભયે રાજા કંચન કોડ સહી,
એક લક્ષ પુત્ર, સવા લખ જ્ઞાતી, વાકો લકડી નાહીં મીલી ?
પ્રાન વાયુ જબ ઉડ ગયા તનસે, માયાભી મીટ ગઇ,
ઇસ દુનીયામેં બોહી નર ભુલા. જીસને કાયા અપની કહી.

બળીરાજા.

છાને કહેતા છબેલી, રંગીલા મને છાને કહેતા છબેલી,
હું તો જોબનમાં બેલી બનેલી—રંગીલા મને૦
બાગબગીચાની સહેલ બહુ સુંદર, જાણે શું ઘરમાં ગોંધેલી,
બદામી હુલવાને બારી જલેબી. તાજી તાજી ખાઉં પહેલી—રંગીલા.
સાટીનની સાડીઓ કસબી ભરેલી કોર, સ્વપ્ને નહિ કોઇએ દીઠેલી;
પોલકાને ચોળીઓનો પાર નહિ મારે, લટકેથી લુગડી લાવેલી—રંગીલા.
નવસેરા હાર સાચા મોતીના સુંદર, બંગડીઓ માણેક મઢેલી;
ઝુમણાને ઝુમણું લાડવાઇ પહેરતી. વિદ્યા હું પાકી ભણેલી—રંગીલા.

સુર્યકુમારી

સોહામણી સ્વર્ગની વાટ, એક દીન શોહાવજો હોરાજ,
રસિલા અમરાપુરીના ઘાટ, એક દીન શોહાવજો હેરાજ.
મૃત્યુ લોકનાં મનુષ્ય કયાં-કયાં અમરાપુરી ઘાટ,
અઘટીત-કહો એ કેમ બને, વસમી વીકટ એ વાટ.
મુગટમણી તમે રાજસદનના, પારીજાતક તમે નંદનવનના;
રાજવંશી દેવાંશી રસીકવર, પ્રિતજ્યોત પ્રકટાવો પરસ્પર.
મેળવવા અંતરમાં અતર, સ્વર્ગ અમારૂં શોહાવજો હોરાજ.

રાજા સંભાજી. —રાગ-ભજન-ઉસ્તદી.—

રાજા તોરા કુંભરીઆ પર, બોલે ઝીણા મોર.
મોર જો બોલે પપૈયા બોલે, કોયલ કરેરે કલશોર (૨)—રાજા.
આઝમ રાત વીજલડી ચમકે. છાંઇ ઘટા સી ઘનઘોર (૩)—રાજા.

સાખી { કોકિલ કલરવ તું કરી, બળતીને નવ બાળ.
હું સુતી પિયુ વિરહમાં, હૈડે હુઈ ઝાળ.

બાઇ "મીરાં" કહે પ્રભુ ગીરધરનાગર, તું મારા ચિતડાનો ચોર—રાજા.

ભજનામૃત. —રાગ. ભજન મીરાંબાઇકૃત—



બલીહારી રસીયા ગીરધારી,
સુંદર શ્યામ હો તજી અમને.
મથુરાંના વાસી. આવા ન બનીયેજી,
વાંસલડી વાગે મેહવા ભણકારા વાગેને.
વૃજ વાટ લાગે ખારી—સુંદર
જમુનાને કાંઠા વહાલા. ખાવાને દોડેને,
અકળાવી દે છે મુને ભારી.
વૃંદાવનકેરી શોભા, તમવીણ અમનેતો
નવ લાગે હવે સારી—સુંદર
ગોવરધન તોળ્યો વ્હાલા ટચલી
આંગળીયેતે. અમપર ઢોળ્યો ગીરધારી
મીરાંબાઈ કહે પ્રભુ ગીરધરના ગુણ, શુદ્ધ પ્રભુ લેજો માહરી—સુંદર

અરૂણોદય. —: આબાદીનો ઉપાય :—

ચાહો જો ભારતના સંતાન, જગતમાં ભારત આબાદી
..............................—તમે અંગે ધરો ખાદી.
દેશ ઉદયની તજો નિરાશા, હવે બનો આશાવાદી,
વિદેશીના તમે મોહ તજ્યાં નહી, કરી દેશની બરબાદી,
કલંક કાળા દુર કરો એ, પાવન કર પહેરો ખાદી—ચાહો.
“ આ દેશ ભારત વર્ષ છે, જ્યાં પ્રથમ અરૂણોદય થયો,”
“ અસ્તાચળે તમ ભાગ્યનો. ભાનુ અરે આજે ગયો.”
“ પ્રાચીનકળા મંદીર તમારૂં, તેજ હીણુ દેખાય છે,”
“ કારણ તમારી સંપતિ, પરદેશમાં વહી જાય છે.”
લોકમાન્યના નિર વ્રતની, કંઇ ધરો ઉરમાં યાદી,—તમે અંગે.

એકજ ભુલ.

મને ભોળીને ભરમાવીરે મા કેમ કરૂં ?
અણસમજુને ફોસલાવીરે મા કેમ કરૂં ?
મારી પાસે પાસે આવે, છાની વાતો સંભળાવે,
મારૂં દીલ લલચાવે, પેલો ગરજી !
પ્યારી કહીને બોલાવે, એની પાસે કેમ ફાવે,
એ તો સંભાળે ન એકે, મારી અરજી;
છાતીમાં-તો અરરરરરરર અરરરરરરરર થાયરે. મા કેમ કરૂં-મને
એના મોઢાંથી: મીઠાસ એ તો જાણે નાગપાસ,
પછી હોય કે ન હોય મારી મરજી;
કરે પરાણે એ પ્રીત, એતે કયાંની હશે રીત ?
થઇ બેશે ધરાર મારો વરજી ?

પૃથ્વી પુત્ર

માળ મોતીડાની મોંઘી મંગાવજો,
કંચ કોડીલા કંઠે પહેરાવજો.
ચોળી કુંસુબી રંગે રંગાવજો.—માળ.
સાડી સુંદર શરીરે સોહાવજો.
હોંશીલા :હીરાની બંગડી બનાવજો.
કોમળ કર કુંદન ને કંકણ દીપાવજો,
હાર હીરા માણેકે મઢાવજો.—માળ.
નીત્ય મીષ્ટ ભોજનીયાં ભાવે જમાડજો,
આછાં આછાં ફુલડાંની વેણી ગુંથાવજો.
સદન વીજળીની જયોતે સોહાવજો,
મીઠા જોબનનાં જાંબુ ખવરાવજો.—માળ.

રાજા જશવન્તસિંહ —રાગ. કવ્વાલી—

અમર આત્મા અમારો છે. મરણ દરકાર શા માટે !
મરી જાશું જો જન્મીને, જીવન દરકાર શા માટે !
જગતમાં પ્રાણી કે મરતાં—મરીને—જન્મતાં પાછાં,
બધાં ઘટમાળમાં ફરતાં, પછી તકરાર શા માટે !
ચૂક્યો જે લક્ષ જીવનનું ગયો તે જીંદગી હારી.
જીવ્યો તે ના જીવ્યો જગમાં, જીવન ને ભાર શા માટે.

મહાશ્વેતા કાદમ્બરી —:═══:—

માલીકના બાળક સૌ માલીક સૌના શ્રી જગનાથ (૨)
કર્તા હર્તા સૃષ્ટિના સૌ બાજી એને હાથ–
ઋણાનુંબંધે આવી મળતું, બાબ્યું નવ કોઇનાથી ખળતું
જગત માત્ર તેને અધીન છે. અનાથના જે નાથ
નહિ પીંડ આ પોતા તણો, પોતાનું કંઇ ના જાણવું
સોએ શુભાશુભ કર્મને પોતા તણુંજ પ્રમાણવું–જગત.

છત્રવિજય —:═══:—

આશીષ બાપુ આપો, અહીંઆથી વંજો માપો
મારા રાજા ચાલાકી આનું નામ છે—
તાલ કેવો કીધો ? બગલા દગો તેં દીધો;
આ સિંહ તણો ચાલાકીથી શીકાર પકાવી લીધો.—મારા૦
ભોગ લાગ્યા મારા મેં બગલાને ઘરમાં ઘાલ્યો.
ગોટાળો ગંભીર કર્યો, ને બુલબુલ આ લઇ ચાલ્યો.
(વાહરે મારા વ્હાલા–લટકાળા લહેરી લાલા)
ફેકર શીદ કરો છો ચાળા ? તમને લઇ જાય મોટરવાળા—મારા૦

બોલતો કાગળ

રંગી, આ દુન્યા. નારંગીએ, રંગી, તે રંગી બેરંગી, દુન્યા દોરંગી...રંગી
સાગર પાણી શીતળમાં, વડવાનળ તેના તળમાં, આગને પાણી બન્યા સંગી
આ આજે અંગી મનાતાં, કાલે ભુજંગી થાતાં
કોણ ભુજંગી...કોણ અંગી...રંગી...
વાયુ જે દીપક ઠારે, આગને એજ વધારે;
પ્રભુની પ્રભુતા દોરંગી...રંગી આ દુનીઆ.

ખોડાણો. —કબીર ભજન—

તારી ધારે ગાડી હાંકોરે, મેરામણ ગાડીવાળા,
તારી મરજીરે ગાડી હાંકોરે, મેરામણ ગાડીવાળા;
ઘોડા છુટયા થાનશે, પીછે પડી પોકાર,
દશ દરવાજા બંદ હુવા, તોબી નીકળ ગયા અસવાર—તારી૦
ગંગા કીનારે ઘર કરી, અને નહાવો નીરમળ નિર,
આપ્યા વિના શું પામીએ, તે કહી ગયા દાસ કબીર—તારી૦

અરૂણોદય. —રાગ-ગઝલ-કવ્વાલી.

વ્હાલા કહું વહેવારની, બે વાત આ અમૂલ છે,
અભીમાનથી ન સાંભળો તો આ તમારી ભૂલ છે!
મન માન્યું મળતું નથી, કોઇને બધુંય સંસારમાં,
ખામીમાં ખામી ખોળવી, એ તો તમારી ભૂલ છે.
કાળા છીએ રંગે અમે પણ, કાળજાં-કાળા નથી,
તેનાય કીંમત ના કરો તો, આ તમારી ભૂલ છે.
છોડી અમે શ્રી રામને, જપીએ તમારા નામને,
તોએ ન રાખો નેડલો, તો જીવતર અમારૂં ધુળ છે.
મીઠા અમી આપો નહીં, તો ચાહ—એ શા કામનો,
ચા' પાઇ બાળો કાળજાં, એ તો તમારી ભૂલ છે.

અહલ્યાબાઈ. —:═══:—

મને એવો પરણ્યો ભાવે, બોલ્યું સાંખે લાડ લડાવે,
નોકર થઇને નમતો આવે. લાગે પાય, પાય, પાય,
મનગમતાં વસ્ત્રો લાવે, હીરા મોતીડા મંગાવે.
પ્રેમે પ્રીતિરસ પીવડાવે ચિતડું ચાય, ચાય, ચાય,
મીઠી બંસીહું-એ મણીધર, મધુર નાદપર ડોલે,
નયન ઇશારે થનથન નાચે ખમા, ખમા, કહી બોલે,
નમતો જાય, જાય, જાય,

ભલે મેઘ એ હોય શ્યામ હું-વીજળી થોડી થોડી,
કામણગારો કૃષ્ણ, ગણીને, બનું રાધીકા ગોરી-જોડી-
જુગતી થાય, થાય, થાય,

ધોળે દિવસે રાત કહું તો. "હાજી હા" જે કરતો.
બની દીવાનો રૂપ રંગમાં પાછળ પાછળ ફરતો.
"હું-હોવે" ધણી તો નેવો જોઇએ લાગે પાય, પાય, પાય,

વિર કુણાલ —રાગ-ગઝલ—

સમય જો હોય સારો તો, સકળ સંસાર સારો છે,
સમય સારો સિધાવ્યો ત્યાં, નહીં સંસાર તારો છે.
સમય પર જે મહારાજા, સમય પર તે ધરે ભગવા,
સમય પર ખાય તે ધક્કા, સમયનો રંગ ન્યારો છે.
ચડે વાદળ ચડે ભરતી, ચડે જોબન વધે લક્ષ્મી,
ઘડીમાં તે પડી જાતાં. સમયનો રંગ ન્યારો છે.
સમય સારે ન સારૂં જે, કહે તે સહુ ગમારો છે,
અભાગી ખાય તે ખત્તા, સમયનો રંગ ન્યારો છે.

સુકન્યા સાવિત્રી—(યમ સાવિત્રી સંવાદ)

શા માટે શ્રમ કરે, સતિ તુજ **પતિભક્તિ** સાચી (૨) હવે પુત્રી વળ તું પાછી (૨)
સાવિત્રી-સજ્જન કેરાં સાથમાં, મેં ડગ ભરીયાં સાત,
મિત્ર ભાવે સુણજો હવે, આ દીન વનીતાની વાત.
ધર્મ જે **વેદ પુરાણે** ભણીયો, મુખ્ય ધર્મ **ગૃહસ્થાશ્રમ** ગણીયો,
કૃપાનાથ મમ, પ્રાણનાથ શું રહી વૃતી રાચી (૨) વળું મહારાજ કયમ પાછી (૨)
યમ-સુણી વિવેક ભરી મૃદુ વાણી, થયો પ્રસન્ન અતિ મન આણી,
સત્યવાનના જીવિત વિનાં, કાંઈ-ઇચ્છીત વર યાચી, (૨) હવે-
સાવિત્રી-મહારાજ ! (**મારાં અંધ સાસુ સુશ્વર દેખતાં થાય.**)
યમ-તથાસ્તુ! ભાગ્યવતી તું અતિદુરઆવી. થાય કાયા મિથ્યા નવ ભાવી-શા૦
સાવિત્રી-પતિ સમીપ શ્રમ નહી જરી જ્યાં જાએ મમ નાથ,
તપવ્રત આપકૃપા વડે ત્યાં આવું તમ સાથ, સંગત સજ્જન તણી નથી સોંઘી-
મૈત્રી **સંતપુરૂષની** મોંઘી, કૃપાનાથ મથ પ્રાણનાથ શું રહી વૃતિરાચી (૨) વળું
યમ-અર્થ યુકત સંભાષણ તારૂં બુદ્ધિમાં વૃદ્ધિ કરનારૂં,
સત્યવાનના જીવીત વીના, કાંઈ-**ઇચ્છીત વર યાચી**—હવે.
સાવિત્રી-મહારાજ(**મહારાબુદ્ધિશાળીસસરાજીનેપાછુંરાજ્યપ્રાપ્તથાય**)
યમ-તથાસ્તુ! ઉત્તમ વર એ આપ્યાં ભાવે હજી પ્રેમદા પુંઠળ આવે-શા૦
સાવિત્રી-સુપાત્ર જન કરતાં કદી, **સુપાત્રોનું સનમાન,**
સાધુ, તો દુશ્મન તણું, પણ સાધે કલ્યાણ.
કૃપાનાથ મમ પ્રાણનાથ શું, રહી વૃતી રાચી. (૨) વળું,
યમ-સિતળ વચન સુધાસમ તારા, તૃષા તૃષાતુરની હરનારાં,
સત્યવાનના જીવીત વિના, કાંઇ-**ઇચ્છીત વર યાચી**-હવે.
સાવિત્રી-મહારાજ ! (**મારા પિતાના કુળની વૃદ્ધિ કરનાર મારે સો ભાઈ થાય.**)
યમ-તથાસ્તુ. સાસરીયાનું માન વધાર્યું, પીયરતણું પણ કાજ સુધાર્યું-શા૦
સાવિત્રી-પર દુઃખે દુખીયા બને, દુઃખદ હૃદય વિશ્રામ,
....સરસો સારે સંતનો, ઠરવાનું શુભ ઠામ.

સ્વજન માંહી વિશ્વાસ નવ લાવે, સજ્જન ઘર પુછતું સૌ આવે,
કૃપાનાથ મમ પ્રાણનાથ શું રહી વૃત્તી રાચી. (૨) વણું.
યમ–મધુરાં નવીન વચન સંભળાવ્યા, અતિશય તે મારે મન ભાવ્યાં.
સત્યવાનનાં જીવીત વીનાં. કાંઈ–ઈચ્છીત વર યાચી. (૨) હવે.
સાવિત્રી–મહારાજ! (મને મારા સ્વામીથી ઔરસ સો પુત્ર થાય.)
યમ–તથાસ્તુ! ઘટે ના થાવું અતિ, વર લોભી, તજી પુંઠ હવે
જા અહીં થોભી, શા૦

સાવિત્રી–સ્વધર્મ વ્હાલો સાધુને, જે ચુકે નવ લગાર,
સાંપ્રત ભુત ભવિષ્યની, ગતિ તણાં આધાર.
સજ્જન ફરે ન આશા આવી, બોલ્યું અબોલ્યું ન કરે કદાપી.
કૃપાનાથ મમ પ્રાણનાથ શું રહી વૃત્તી રાચી. (૨) વણું.
યમ–અમુલ્ય તારાં વચન વિચારી, વાધે તુજમા ભક્તિ મારી,
ભગવતી છેલ્લું ઉત્તમ અનુપમ, ઈચ્છીત વર યાચી (૨) હવે.
સાવિત્રી–પુત્ર તણું મુજને દીધું, પ્રભુ આપે વરદાન,
જીવત દાન દઈ જીવનને, સત્ય કરો ભગવાન.................!!!

મુદ્રા પ્રતાપ. —:═══:—

બહુ ધીરજના ફળ મીઠાં બેન, ધીરજના ફળ મીઠાં છે;
કહુ ઋતુ વિણ ફળ ક્યાં દીઠાં બેન ઋતુ વિણ ફળ ક્યાં દીઠાં છે.
તરૂવર તહાં તરૂવરની છાયા. કંથ તહાં કામનિની કાયા;
જન બહુ મથન કરીને થાકે, ઉતાવળે આંબા નવ પાકે.
મન કરીએ ન અજીઠાં......બેન–ધીરજ.

માલતી માધવ. —:═══:—

લ્યો સુંદરી સુમનની માળા, જઇ કહેજો પ્રણામ હમારા,
માળા નહિ પણ વરમાળા, સુંદર વર ઓ...શરમાળા.
મુખ દર્શનથી મન ચોરી (૨) ચિત હરી ગઇ બાળ ચકોરી,
તમે કિશોર એ નવલ કિશોરી, મટકે મોલ્યાં મટકાળા...લ્યો.

શ્રી ભોજાભગત કૃત. —આખ્યો. રાગ ભજન—

મુરખે નાર કુભારજા આણી, એનું ઘર કર્યું ધુળધાણી—ટેક.
પાંચ મણની લાપસી ભરડી મણની ભુંજી ધાણી;
ઘી'નાં ધાડવા ઢોળી નાખ્યાં, દુધમાં નાંખ્યું પાણી—મુરખે.
વાર પરબે વઢવાઢ કરેને, કલેશ કરે જાણી જાણી;
છોકરાંને માથે છણકાં કરેને, ચૂંટીઓ લે તાણી તાણી—મુરખે.
ખરે બપોરે રસોઇ નીપજાવેને રાતે જાતી પાણી;
છોકરાંને મારી મારી સુવાડે ઓસાવા રાત જાણી—મુરખે.
ટાઢું શીળું કંથ આગળ ઝાંસે, ગરે જ્યારે ભૂત તાણી;
સાંજ પડે ઘેર ભટકીને આવી, ઉપર જાતાં રીસાણી—મુરખે.
પટીયા પાડી આંખ આંજી આડડે, સાસરે પીયર ન સમાણી;
"ભોજો ભગત" કહે ગુરૂ પ્રતાપે; ઉતરેલ નાર શીદ આણી—

પૃથ્વી પુત્ર. —રાગ. કવ્વાલી—

લોકો કહે છે કૃષ્ણ કર્તા, અકર્તા સાક્ષાત છે:
તો ધ્યાન દઇને સાંભળો. આ અજાયબીની વાત છે.
ખાંડીવને બાળ્યું અર્જુને લંકા હતી સોના તણી
હનુમાનજીને પૂંછડે; ત્યાં આદર્યો ઉત્પાત છે.
બાળ્યો નકામો કામને, બેભાનમાં શ્રી શંકરે,
દારિદ્ર જગનું બાળવા ના કોઇની તાકાત છે.
આ કોલસાનો ભેદ એ, દારિદ્ર બાળો દેશનું;
જો કૃષ્ણથી એ ના બળ્યું તો અજાયબીની વાત છે.
બ્રહસ્પતિ સમ વિદ્વતામાં, વિપ્ર આ સાક્ષાત છે,
ઉલટા તણું સુલટું કર્યું, એ અજાયબીની વાત છે.

ઉદય-ભાણુ.

રસીયો રસીલી ચાંદની નો—
સમો સાંધી.
તજી સઘળી ઉપાધિ, ગયાં—
ઉપવનમાં
ગુપચુપ વાતો કરે,
નેન ના ઇશારા કરે,
સંગે હસે હરે ફરે રંગ—
ધુનમાં—(પછી),
પળમાં રીસાયા છે રસીલા.
ભાન ભૂલી ભામિની—
માનતા મોહન નથી, હાથે પગે થઇ માનુની
વેળા રસીલા વહી જશે, પસ્તાવો પાછળથી થશે,
માન મોહન! માન જાશે કાળ કા'ણી રહી જશે.
તું માન ભલે ના માન મને પરવા નહિ,
જીવજાન તને નહિ અલગ કરૂં તનથી,
પ્રીત વચન વીણા રચના રસીયા મન વસીયા મારેજી—

સંસાર નૌકા. — રાગ. ઉસ્તાદી. —

શ્યામ ઝુલે હીંડાળા કુંજન બનમે! કુંજન બનમેં મધુ બનમે.
લતાએં—પુષ્પોકો, ઝુલેમે કયા ઝુલાતી હંએ?
પવનકે ઝોકોમે કયેસી સુગંધ આતી હંએ?
ચમનમેં ઝુકતે શાખેં સમા દીખાતી હંએ?
મદન કો ગોદમે લેકર, એહ સબ રમાતી હંય?
બસ ગઇ સાંવરી સુરત એહ નયનમે?—શ્યામ૦

સાગર રુરીતા. —:═══:—

કુંવારૂં રહેવુંજ ઘણુંજ સારૂં ભળ્યું પરણવાનું કાકાજી ભળ્યું પરણવાનું,
સારો ધણી જો નહીં મળે તો જુગ જુગ રડવાનું;
કાકાજી જુગ જુગ રડવાનું.
પ્રેમથી રમાડું તને વ્હાલી હંમેશાં, ખાલી તું શીદ અકળાય;
એ વ્હાલી ખાલી તું શીદ અકળાય;
બાણીયા દીકરા મુંગો રહે. નહીં તો ફજેતો થાય;
એ કાકા તમારૂં નખ્ખોદ જાય.
મેનાં તું ક્યારે હવે મારી થાય......નહીં......તો કુંવારૂં૦

સુરદાસ કૃત. —ભજન–રાગ–પદ—

કેવું તે થાશે વહાણું, ઘેલા પ્રાણી કેવું તે થાશે વહાણું–(ટેક)
લાડીને લાવું ને પુત્ર પરણાવું, કાલની વાત ન જાણું–ઘેલા,
બળીરાજા કહે લેઉં ઇન્દ્રાસન, યજ્ઞ કીધા નવ્વાણું–ઘેલા.
જગત જુગદીશ ના ઓળખ્યા, એણે–ક્ષણું એક ન રહેવાણું–ઘેલા.
કાયા જુઠી માયારે જુઠી, જુઠું તે ઘર કેરૂં નાણું–ઘેલા.
"સુરદાસ" કહે તમે હરી ભજી લ્યો, ઓચિંતુ આવશે આણું–ઘેલા.

સત્ય પ્રકાશ —:═══:—

બાઇ હું તો પરણી તોય કુંવારી;
મને મળ્યો વૃદ્ધ ભરથાર, મારો એળે ગયો અવતાર–બાઇ.
સાસુ સતાવે નણંદ ડરાવે મ્હેણાં સહુ સંભળાવે.
કજોડલાની કહાણી કહી મને પાડોશણ શરમાવે–બાઇ.
કુવે તળાવે પાણી જાઉં ત્યાં લોકો પાછળ આવે
"નહીં કાકી ક્યાં ચાલ્યાં" કહીને, પીટ્યા મને બોલાવે–બાઇ.

સુરદાસ. —રાગ. ભજન—પદ—

નાથ કૈસે ગજકો બંધ છુડાયો,
પ્રભુ એહી અચરજ મોહે
આયો—ના.
ગજ ઓરગ્રાહ લડત જલ
ભીતર,
લડત લડત ગજ હાર્યો,
જવભર સુંઢ રેહી જલ ઉપર,
તબ હરી નામ પુકાર્યો—ના.
સબરીકે બોર સુદામાકે,
તાંદુલ, રૂચીરૂચી ભોગલગાયો,
દુર્યોધનકો મેવો ત્યાગી,
ભાજી વિદુર ઘર પાયો—ના.
પેઠ પાતાળ કાળી નાગ,
નાથ્યો ફણુપરનૃત્યકરાયો,
ગીરી ગોવરધન કર પરધારી
નંદ ઘર લાલ કહાયો—ના.

અગાસુર માર્યો, બગાસુર માર્યો, દાવાનળ પાન કરાયો,
સ્થંભ ફોડ હિરનાકંશ માર્યો, નરસંગ નામ ધરાયો—ના.
અજમેલ ગજ ગુનકા તારી, દ્રૌપદીકો ચિર પુરાયો.
પયપાન કરતાં પુતના મારી, કુબ્જાકો રૂપ બનાયો—ના.
ખેલ કોટડી પ્યાદલ ધાયો, ગરૂડકો નાહિ બોલાયો,
છુટો નહિ રાધાજીકો કંગન, ઓ બલ કહારે ગુમાયો—ના.
જોગી જીનકા ધ્યાન ધરત હે, ધ્યાન ધરત નહીં આયો,
"સુરદાસ" પ્રભુ તિહારે મીલનકુ, જશોદાકી ધેન ચરાયો—ના.

છંદ—બત્રીસો. —સત્ય-શેત્રંજ—

ગંગાજળ નિરમળ સમુ શુદ્ધ પવિત્રજ સાર,
તેવું કુળ જો માહરું (તો) પડ પાસા પોબાર.
હંસ ગયો સરોવર તીરે દીઠું અમૃત સાર;
પીધા વીણ પાછો ફર્યો, (તો) પડ પાસા પોબાર.
સત્ય ચુકે જો સાધવિ, ધરા ન ઝીલે ભાર,
તે ગુણ હોય જો મુજ મહીં (તો) પડ પાસા પોબાર.
નામ મુખે અમૃત ઝરણુ ચોરં કને ભંડાર,
કામી પાસે રહે કામની (તો) પડ પાસા પોબાર.
મીઠો આંબો સર્વદા, ઉત્તમ ફળ દેનાર.
સત્ય અસત્ય ઠરે નહિ (તો) પડ તો પાસા પોબાર.
વિમળ કમળ વિલોકીને, ભ્રમર ગયો તે ઠાર.
દીઠું પણ અડક્યો નહિ (તો) પડ પાસા પોબાર.
અહલ્યા સિતા દ્રૌપદી સતિ ખરી નીરધાર.
તેવું ચિત્ત જો માહરું (તો) પડ પાસા પોબાર.
ભૂખ્યા આગળ જો ધરે, ઉત્તમ ભોજન સાર,
ખાધા વિણ ઉઠે નહિ (તો) પડ પાસા પોબાર.

મહાશ્વેતા કાદમ્બરી —:═══:—

અલી જોજે મનાતી ભોળી મેના, ભોળવશે તુજને પોપટજી મીઠું મીઠું બોલી.
અલી જોજે દેતી તું અંતર ખોલી.............ભોળવશે

સાખી { પ્રેમે પોપટ દાઝ દીલની દીલ મહીં સમાવશે,
ઋતુ વસંતે માનુનીને મદનરાજ મનાવશે,

રસ રાજની રસરેલ જ્યાં રગ રગ મહીં વ્યાપી જશે,
જખ મારી મેના માનશે, પણ ખોધ પાછે લાગશે—

પુંડલીક —રાગ-ભજન—

હમણા તો નથી નવરાશ ગુરૂરાજ અમો ઘડપણમાં ગોવીંદ ગાશું
મરણ પછીની વાતો કરો છો મોટી, ત્યારે હમણાં શું પ્હેરવી લંગોટી;
વાત થાય છે ઉધારની તે ખોટી, કેમ શ્યામલાલ ? સાચું...યાર...ઘડ.
હજુ બાંધવા છે મારે કંઇક માળા, હજુ થાવું છે દશ વીશ મીલવાળા
ઘર તાજા કરી ફુંકવા દીવાળા-કેમ શ્યામલાલ !...સાચું...યાર-ઘ.
જ્યારે ચાલશે નહીં કાયા હમારી, ત્યારે સાંભળીશું કથા આ તમારી,
મળે નારી નહિ તો રહેજે બ્રહ્મચારી-કેમ શ્યામલાલ ?...સાચું-યાર,

છત્ર વિજય —:———:—

અલી નયન બાણ ક્યાં વાગ્યા ?
મનના મુગ્ધ ભાવ ક્યાં જાગ્યાં ? સાચું બોલ બોલ બોલ.
કોણ રસિકવર મળ્યા પરસ્પર ક્યાં હૃદયે અનુરાગ્યા ?
લોચનીયાં બદ ઘેરા તલસે અધર સુધારસ તરસ્યાં.
વશીકરણ કોણે કીધા-બા, વ્હાલ કહે ક્યાં વરસ્યાં ?-સાચું.
લાલ કોણ ને લગની શાની, હજી હું બાળ કુંવારી,
ચાલાકી મુકી દો ચતુરા, જાણી હબાઇ તમારી.

આનંદ લહરી —:———:—

પાધરે પંથે જા ગુમાની ! પાધરે પંથે જા.
સુંદરી સામા જોઇ જાદુગરી, આંખના ન કર ઘા;
રસિયાજી ? આવી નાજુક વયમાં અવળા લક્ષણ આ.
હઠીલા ! પધારે પંથે જા, રંગીલા ! પાધરે પંથે જા;
વાત કરૂં જરા છાતીયે ચાંપું, કે ચુંબન આપું-હા.
દંત દંખે એવા અધરામૃતની લાક્ષ ઘસીને નાં;
છોગાળા ! પાધરે પંથે જા, છબીલા ! પાધરે પંથે જા.

પૃથ્વી પુત્ર

નવીન પ્રેમ રસભીની મૃગનયની, ભાન તું કયાં ભુલી આવી,
સાણી સલુણી મદન મદભીણી, કોણે તને ભરમાવી બ્હેન ?–ભાન.
સરવર તટપર જલક્રીડાએ, સહજ સખી એ તો આવી.
ચંપક છાંયે ઉભી રહી એને ભોગીએ ભરમાવી.
અરસપરસ અમ આંખ મળી, મને લોચનીએ લલચાવી-બેન,
માર્ગે જતાં મળ્યો મધુકર નિકટ ગઇ અણજાણી,
મદભર રસીકા રસ લુટતાં રસ ઘેન મહીં ઘેરાણી,
મનગમતાની મોજમઝાહમાં ફુલ વેણી વીખરાણી–બેન.

સંસાર સાગર— (રાગ કવ્વાલી.)

ઘરને સંભાળી રાખતાં, વાડી જતી રહી;
લટકાળીને લોભાવતાં, લાડી જતી રહી.
સીધી સડક જાતો હતો, થાંભલો નડયો,
મોટર અમારા પ્રેમની, આડી જતી રહી.
જાવું હતું દાદર ઉપર, પણ ભાન ન રહ્યું,
એ મોહમાં માહિમની, ખાડી જતી રહી.

સિરાજી દોલા— (જાદુભરી આંખો)

એ ગઇ છતાં એની છબી આવે નજરમાં,
આંખો ગજબ જાદુ ભરી ખુંચી જીગરમાં.
દેખાવમાં ભોળી છતાં જાદુ ભરી એ,
રાખે હજારો તીર કાતિલ વાંકી ભમરમાં
ગાલો મહીં બાખો ગુલોની લાલી છુપાવી,
ઉભી'તી નજાકત ભરી એ રસ્કે કમર ત્યાં.
પરવા ન તાજો તખ્તની એ નાજો અદાપર,
વણમૂલ વેચાયા અમે માશુકના કરમાં.

સંસાર સાગર—

હું તો નાજુક તબીયતવાળી, મારી તબીયતને સાચવજો,
મારા મિજાજને સંભાળી, મારી તબીયતને સાચવજો.
મમ્માની માનીતી હું છું, પપ્પાને બહુ પ્યારી,
વાત કરે કોઈ ગુસ્સે થઇ તો, ધડકે છાતી મારી.
ઉઠી સવારે આઠ વાગતાં, તરતજ ચા' પીનારી,
લેટ થાય જો મીનીટ એક તો, તબીયત જાશે મારી.

સંસાર સાગર—

જવાની રાતે રીસાઇ બેઠાં મનાવા ગઇ તો કહે કે ઉંહું;
પૂછ્યું મેં છે કાંઇ ગુન્હો અમારો, કહોને કંઇ—તો કહે કે ઉંહું.
ગુલાબ ડોલર ગુંથીને લાવી, પૂછ્યું કે એમાં ગમે શું તમને?
નયન નચાવી જરાક હાંસી કરી મે, ત્યાં તો કહે કે ઉંહું.
હું યે તોફાની ને એ હઠીલા, નમ્યું ન એમાં એકેય આપે;
હૃદય કહે કે કલહ તજી દો, હઠીલી જીભે કહ્યું કે ઉંહું.
મને રડાવી રડયા હતા એ, હસવા હસાવ્યા વિના સિધાવ્યા;
પછી મેં કાગળ લખ્યો ક્ષમાનો, જવાબમાં એ લખે છે ઉંહું.

સિરાજુદ્દોલા— રાગ-કવ્વાલી.

મધરાતડી વીતી ગઇ પણ આંખડી હજી ના મળી,
નૂરેનજર થઇ આકળી દીલદાર વિનાં બે બાકળી.
રશ્કે કમરની રોશનીથી—રોશની ઝાંખી થઇ;
એ રોશનીને શું કરું દીલ રોશની ના ઝળહળી.
ક્યાં સુધી કરવી સબર, દીલદારને કૈં ના કદર,
એ સબરમાં ને સબરમાં; દીલદાર થઇ ગઇ દુબળી.

સિરાજુદ્દોલા— **રાગ—કવ્વાલી**

જેવી કરે જે કરણી, તેવી તરત ફળે છે,
બદલો બુરા—ભલાનો' અહીંનો અહીં મળે છે.
ઉંચે ચડે છે ત્યારે સહુને જે તુચ્છ ગણતા,
પટકાય જ્યારે નીચે, ત્યારે સમજ પડે છે.
હસતા ઓને રડાવે, રોતા ઉપર હસે જે,
રોનાર તેને કોઇ. આખર નહીં રહે છે.
આપ્યા વિના ન મળશે, વાવ્યા વિના ન ફળશે,
ઇન્સાફ એજ કુદરત, અહીંનો અહીં કરે છે.

શાલિવાહન—

લક્ષ્મી વિણ લક્ષણવંતાની, કીમત નહી અંકાવાની,
ભાગ્યવિનાની લક્ષ્મી ઘરમાં, આવી ને વહી જાવાની.
લક્ષ્મી તું છે મૂળ દુઃખનું, જ્યાં ત્યાં ક્લેશ જગાવાની,
ચંચળ થઇ ઘરઘર ફરતી તું, સારા—કર્મ તજાવાની.
એકનું લઇ બીજા આપે, તું પણ છે મોટી કયાની,
હીકમત છે બસ એ જ તારી, હસ્તાનેજ રડાવાની.

માલવપતિ— **રાગ—ગઝલ.**

હૃદયના શુદ્ધ પ્રેમીને નીગમનાં જ્ઞાન ઓછાં છે;
ન પરવા માનની તોયે, બધા સન્માન ઓછાં છે,
તરી જાતું બહુ સ્હેલું, છે મુશ્કિલ ડુબવુ જેમાં,
એ નિર્મળ રસ સરિતાથી, ગંગાસ્નાન ઓછાં છે.
પ્રણયુ કલહે વહે આંસુ, ચુમે ચાંપી હૃદય સ્વામીન
અરે એ એક પળ માટે, જીવનનાં દાન ઓછાં છે.

અમજોનાં બંધન— **રાગ-કવ્વાલી.**

ગરીબી જ્યાં વહે નંદા, પ્રભુના ત્યાં ખરા બંદા;
વરે ત્યાં કીર્તિ આનંદા, સરે ત્યાં સ્વર્ગની ગંગા
ગરીબીએ લખ્યા ઇતિહાસ, ગરીબીની વિધાતા દાસ;
ગરીબી છે જીવનની આશ, ગરીબી છે જગતનો શ્વાસ.
ગરીબીથી વિવેકાનંદ, ગરીબીથી દયાનંદ ચંદ:
ગરીબીમાં હતા, ગોપાલ ગરીબીમાં દીશે છે લાજ.
મહા જે હિંદવાસી નામ, ગરીબીમાં કર્યાં પયમાન;
ગરીબી હિંદ દાદા પ્રાણ, ગરીબી ગાંધીજીના જાન.

દેવી હોથલ— **રાગ-ગઝલ.**

કરે જન સ્વર્ગની વાતો, બતાવો સ્વર્ગ છે તે ક્યાં,
હૃદયના શુદ્ધ પ્રેમી જ્યાં, વસેછે સ્વર્ગ સાચુ ત્યાં.
પરસ્પર પાક દીલનાં પ્રેમીઓ દીદારનાં તરસ્યાં.
ક્ષમાને શાન્તીની જોડી. વસે છે સ્વર્ગ સાચુ ત્યાં...
સદા જ્યાં સ્નેહનાં ઝરણાં વહે છે કમળ નયનોથી.
સનમએ માનજો. નક્કી વસે છે સ્વર્ગ સાચુ ત્યાં,
હજારો તીક્ષ્ણ જો નડતા નથી જે જીગરથી જુદાં.
નહિ તે પૃથ્વી પલટાતાં પલટતાં સ્વર્ગ સાચુ ત્યાં

સંસાર લીલા— **ગઝલ-કવ્વાલી**

ન જીવન પ્રાણમાં બાકી, ન ચેતન તન મહીં બાકી
છતાં એ નાથમાં મારો અચળ વિશ્વાસ છે બાકી
જગતનો હું નથી સ્વામી, જગત મારૂં નથી સ્વામી,
તમે મારા ન જો સ્વામી બધી એ આશ છે બાકી;
જગતનાં બંધનો તુટયા, નયનમાં આંસુઓ ખુટયાં.
જીગરના તાર છે તુટયા, રે છેલ્લો શ્વાસ છુ બાકી.

સંસાર લીલા— રાગ-ભજન.

ભોળી હું જગમાં ભુલીરે જુઠા જગમાં.
ફોગટ ફેશનમાં ફુલીરે, જુઠા જગમાં.
ઝાકળને મોતી જાણી, અબળા હંસી અટવાણી.
પહેલાં પરખ્યું નહીં પાણીરે જુઠા...ભોળી.
નરદંભ પ્રેમમાં ડોલે,-હું તારો એમજ બોલે,
મુખ અમી અંતર વિષ ઘોળેરે જુઠાં...ભોળી
દેખ્યા વિણ ડગલું ભરીએ. ભવરણમાં ભટકી મરીએ.
જોઈ પાત્ર પ્રેમ તો કરીએ રે. જુઠા ભોળી.

દેશ દીપક— એકે-સ્વપન.

સખી સ્વપ્નબધાં (૨) નથી કોદી સાચાં પડતાં
અધીએ શમણાં, મનની ભમણાં, કુમળાં દિલ વ્યર્થ દુભવતાં
૧ લી-સોળ વરસની હું રૂપ રમણી; સ્વપ્ને નાનો કીકો પરણી.
રડી રડી રાતલડી ગાળી, રસભર રજની વ્યર્થ બગાડી,
જાગીને જોયું તો-સુંદર શ્યામ હતા મન ગમતા ...
૨ જી-મને સ્વપ્ન બાઇ એવાં આવે, નવી શોકય નાવલીઓ લાવે,
શોકલડીઓ ખુબ સતાવે, મને ભુવનની બહાર કઢાવે
જાગીને જોયું તો—નણદલ વીરા દીઠા કરગરતા......
૩ જી-હું સ્વપ્નમાં બની ઇંદ્રાણી, ભરે અપ્સરા મારૂં પાણી,
દેવલોકમાં દેવી મનાણી, થકી સ્વર્ગીય વૈભવ માણી,
જાગીને જોયું તો-મારા રસિયા પહેરો ભરતા...સખી.

માલતી માધવ. —:═══:—

બાબી મારાં ડાહ્યા ડમરાં, શા માટે શરમાવો, તમે શા માટે રીસાવો
ઓ નાની નણદલ આવો.........આ કોણ?.........તારો પ્રાણ!
હવે શા માટે શરમાવો (૨).........ઓ.........

દેશ દીપક—

જુવાન નરની પ્રીત નકામી, પળપળમાં પલટાય,
ઉપરનાં આડંબરથી, ભોળી બાળા ભરમાય.
સોળ વરસની સુંદરી ઘરમાં, પરણ્યા પરઘર જાય,
રસના ભોગી ભુખ્યા ભમરા, ફુલફુલ ભટકી ખાય.
—બધા પુરૂષ એવા નથી હોતા, એ વાતો નહી મનાય,
આજકાળ સોમાં નવ્વાણું, નર પરસ્ત્રીને ચહાય.
મારૂં માનો તો બીજવરને પરણો સઘળાં બાઇ.
ઘરડા ધણી આજ્ઞાંકિત કેવા, પરણીને સમજાય—જુવાન.

મનોરમા— રાગ-ગઝલ.

હૃદય રમણી તણાં છુંદે, રસિક વર હો તો એવા હો
કરી મધુપાન ડંખો દે મધુકર હો તો એવા હો
અનેરી કૈંક આશા એ અમે તો કાંઠડે આવ્યાં
રહ્યાં તરસ્યાં જીવનભર નાં જે સાગર હો તો એવા હો
દીધાં કૈંક દંશ મર્મોમાં નલિનીનાં જીવન સોપ્યાં
અચાનક છેહ આ દીધા સુધાકાર હો તો એવા હો
નયનમાં આંસુના સાગર હૃદયમાં આગના ભડકા
અમે બળતા તમે હસતાં દયાકર હો તો એવા હો

બુદ્ધદેવ— રાગ-ભજન.

સાર આ સંસારમાં ન જોયો, મેં બહુ રીતે તપાસતાં—સાર આ૦
ધનધરા સુત તાતની પ્રીતે; મોઘા અવસરને મેં ખોયો.
મૃગજળ પીવા કામ ન આવે વ્યર્થ ઈંદ્રજાળમાં હું મોહયો—મેં બહુ.
પુણ્ય પરમાર્થનો માર્ગ ન શોધ્યો, જન્મને વૃથા મેં વગોવ્યો—મેં

રા' માંડલીક—

અલી ગાલો ગુલાબ તુલ્ય તારા સંભાળ જરી બાળા

ભોગી મધુકર જો લોભાશે, ચુંબન મારી આવસે પાસે

"એમ......હા.

રસિલાની લુંટાશે ફુલમાળા—સંભાળ જરી બાળા

—જાઓ બહેની મને ના સતાવશો, રમીત પુષ્પે વ્હાલમને વધાવશો

યા કંઠ આભુષણ થા,—ના જાણી જાણી તને ના

ડંખ દેશે ગાલે એ રસાળા—સંભાળ જરી બાળા

મહારાજસિંહ— રાગ-ભજન.

આલમના મહેમાન માનવિ બે દીન અહીં ટકનાર,

અરે આ માટીનો સંસાર..................

ધન વૈભવને માલ ખજાના માટીમાં મળનાર.

માટીનો તું અરે માનવિ માટીમાં સુનાર.

આલમની ફુલ-ફુલવાડી બે દીનમાં ખરનાર,

કાળ ઝપાટે જીવન રોશની જરૂર અસ્ત થનાર—આલમના

ગઢ પતન—

નાચે છે મોર, આલી નાચે છે મોર,

વ્હાલમની વાડીમાં નાચે છે મોર.

નાચે છે મોર મારા ચિતડાનો ચોર,

વ્હાલમની વાડીમાં નાચે છે મોર.

પડે વર્ષાદ ચોધાર, ગાય યુવતી મલ્હાર—

પ્રેમ વિણાનો તાર કરે વાગી ઝંકાર—

કળા ભરી મોર, કરે ટુહુ ટુહુ શોર—

વ્હાલમની વાડીમાં નાચે છે મોર.

શાલિવાહન—

મારી સામે ન જોરો જરાય—નજર મને લાગેરે,
જોતાં નયને નયન ઠળી જાય, નજર નહીં લાગેરે—
ભૂલી મને હું કોને ભૂલાવું; ભૂલો નહીં એવા ભેદ શીખાવું,
મીઠી મુંઝવણી થાય—નજર મને લાગેરે—
જાદુગરી તેં.................જાદુ ચલાવ્યાં,
મોહન મંત્રથી ભાન ભૂલાવ્યાં કોને ખબર શું થાય—
એ કોનો વાંક ?—

ચુંબન વીણ તો સ્નેહ ન જામે,
[તમે] જુઓ જગતના ખેલ [૨]
ચુંબનને ચટકે ધોવાયો, સ્નેહીના મનના મેલ—તમે
હારે જ્યારે વદના વાણી, આંખે આંખ હસી લે લ્હાણી
દીલથી દીલ દબાવી કહેતું, કંઇ કંઇ કીસ્સા કહાણી
વસમી વાતો એ મુશ્કેલ, સમજવી નથી અન્યને સ્હેલ—તમે.
પશુ પક્ષીઓ જુઓ બીચારાં વાણી વીણ વીચરે દુખીયારાં
સ્નેહ ઉમળકો મૌન વૃતિએ—જમાવે ચુંબન દ્વારા
નીર્મળ સ્નેહ તણી એ વેલ; પોસતી ચુંબનથી કરી પહેલ—ચુંબન

ભીષ્મપિતામહ— પત્ની વ્રત.

એક પત્નીના પિયુની પ્રેમી, ભુષણ સૃષ્ટિનું લેખાય;
એ દંપતીના લાડ કોડ સૌ, સંસારે સુખથી સચવાય.
પરખી પ્રેમ અખંડ પ્રભુ પણ, સંકટ સમયે કરે સહાય;
જુઓ સુકન્યા સાવિત્રિ જે, સતિમાં મુગટ મણિ દેખાય—એ દંપતી
એક પત્નીવ્રત રામચંદ્રનું, પામ્યાં જનક સુતા જગમાં ન્યાય;
અખંડ પ્રેમ વડે એ દંપતી, ઇશ્વર રૂપે બધે પૂજાય—એ દંપતી

સંસાર સાગર— રાગ–ગઝલ.

પુછે મને તો હું કહું દીલદાર હો તો આવી હો;
આંખો કહે જોવા મહું ચહાનાર હો તો આવી હો.—
મસ્તી ભર્યાં નયન–શરે, રસીકનાં હૈડાં હરે;
જોનારને ઘાયલ કરે, તલ્વાર હો તો આવી હો.—
સુધાભર્યાં અધરો પરે, અમૃત મધુર વરસ્યા કરે;
પીનારની તૃષા હરે, રસદાર હો તો આવી હો.—
શી ખબર અમૃત પીવાડી, અમર કરશે કે નહીં ?
અમૃત તણા પ્યાલા ભરી, પાનાર હો તો આવી હો.—

સતી અનસુયા—

મારે મોઢે મનાવી રાજી કહેવરાવી, કલાવી પટાવી પૂછો શું તમે—
કુસસુગંધીવાળા રૂડાં રંગે રૂપાળાં, તેની મીઠી સુગંધી કોને ના ગમે—
લીલાં પીળાં ઝાડ પાન, ઉપર પંખી કરે ગાન,
રોજ કાને સાંભળવા કોને ના ગમે (૨)
વાહ કેવી, છે શાણી, બોલે મધુરી વાણી;
ડાહી ડમરીના બોલ મારા મનમાં રમે–મારે.

લોહિના લક્ષ્મી:—

માતૃ ભુમી અમ પ્યારો જગતમાં, જય જય હિન્દુસ્તાન
.................જય જય હિંદુસ્તાન.
અખીલ વિશ્વમાં દૈવી ભુમી, અમ પ્યારો હિંદુસ્તાન.
કર્મ ભુમી ભારત હ્યો જાણી, ગીતા કૃષ્ણના મુખે ગવાણી
...............રામાયણના ગાન ભારતમાં (૨) અખીલ
સીતા કુંતા તારા રાણી, દમયંતી વન વન ભટકાણી.
..............અનસુયા ધન્યવાન ભારતમાં (૨)

શાલિવાહન— રાગ—ગઝલ.

રસીલાં પ્રેમીના હૈડાં પ્રિતમમાં રાત દિન રમતાં,
મધુણાં સ્વામનાં સ્વમાં, નજરથી ના ઘડી ખસતાં
પ્રીતમ જો હોય પાસે તો બધુંયે વિશ્વ પાસે છે,
વસે દુર જો નજરથી એ જગત આ શુન્ય ભાસે છે.
અધુરા એ સવાલોના જવાબો પ્રેમીઓ ખોળે.
અજબ ઉત્તર પ્રશ્નોના, એ પ્રશ્નોમાં લખાયા છે.

રા' માંડલીક— રાગ—ગઝલ.

દઉં હું દોષ કોને હાં, સમયની જ્યાં બલિહારી,
સમયની જ્યાં બલીહારી, મનુષ્યની ત્યાં છે લાચારી.
હતો આમ દેશ આતો, જ્યાં પ્રભુ અવતાર પણ લેતા,
અરે આ દેશ એનો એ, સમયની છે ગતી ન્યારી.
અમારા દેશનાં ચેતન, અમારાં તેજને ગૌરવ,
અકાળે હાય કરમાયાં, હજીયે શી થનારી છે.

વીર માનસિંહ—

હિંદ ભુમિ છે માત અમારી, પ્રભુ અમારો તાત
માનવ જાત વસે આલમ તે,—બધા અમારા ભ્રાત
પ્રભુ અને રાજા બન્ને, છે એક એકના દાસ,
ધર્મ ભુલે રાજા રૈયત તો નક્કી થાય વિનાશ.

સાખી { જુલમ તો ઝાઝા દિવસ, સાંખી પ્રભુ શકતો નથી.
અન્યાયથી જે રાજ્ય કરતા, રાય એ ટકતા નથી.

સાખી { માની પ્રજાને તુચ્છ જે નૃપ, ગર્વથી ફુલાય છે,
તે જાણતો નથી ઝાઝી કીડી, સાપ તાણી જાય છે.

આંખ ઉઘાડી જુઓ બાદશાહ? કોણ રંકને રાય?
માટીની કાયા છે સહુની, માટીમાંજ સમાય.

સ્નુગર્જના:—   રાગ ભજન.

ચડતી ને પડતીના છાંયા, પલપલમાં પલટાય,
મૂરખ જનથી નવ એ સમજાય,
સાગરમાં મોજાં છલકે તે પલમાં પાછાં જાય,
મૂરખ જનથી એ નવ સમજાય!
રાવણનાં પણ માન રહ્યાં ક્યાં?
શૂરાનાં પણ સ્થાન રહ્યાં ના?
રામ કૃષ્ણ જેવા મહાયોગી, સમયને આધિન થયા
મૂરખ જનથી નવ એ સમજાય—ચડતી.

મરદના ઘા:—

કહો ભાઇ ક્યાંથી શાન્તિ વળે. જીવલડો રાત દિવસ બહુ બળે.
કરમને વાંઢાપો કેમ ટળે...કહો.
જમણે હાથે નીકળું ત્યારે—જમના સામી મળે.
ચોટે જતાં—ચંદન મળતી ચાર આંખડી ઢળે.
આખા ગામમાં સૌ પરણેલાં જોઇને કાળજું બળે...કહો.
એળે જતો અવતાર કહો કોઇ ક્યાંથી મનડું વળે,
લટકાળી કોઈ લક્ષણવતી જોઇને ચિતડું ચળે,
પાડોશીને બાર બાયડી અમને એક ન મળે...કહો.

મરદના ઘા:—   રાગ—કવ્વાલી.

રીસાવામાં રસિકતા શી, રીસાનારાં રસિક જાણે,
રસીલીને મનાવામાં મઝા મીઠી રસિક માણે.
નથી પરવા પ્રિતમને જ્યાં વગર માને મનાવાં શાં,
રસિક તે શું, રીસાવું શું—ખરે મારી બલા જાણે.
વિયોગી નેત્રથી અશ્રુ, સરી પડતાં કપોલો પર,
મઝા એ ચુમવામાં શી, ચુંમેલા હોય તે જાણે.

સરસ્વતીચંદ્ર—

શાંત સમાધિ ધારી શું બેઠા, જાગો જોગી બાળા;
મ્હાર તમારે આવી ભીખારણ ભોળી બિચારી બાળા.
ભ્રષ્ટ કલંકિત પ્રેમથી વંચિત, સંચિત પાપની શાખા.
વરથી વિખુટી વચનથી જુઠી, ભાગ્યની ફુટી ભામા !
"ત્યાગી ઘર વતન વનમાંહી આવી, રાત અંધારી ઘોરરે"
"ભવ જંગલમાં ભુલી ભમું, ત્યાં મળ્યા લુંટારા ચોરરે"
"લુંટી શોભા સુખ અને લુંટયા સહુ શણુગાર.
અલગ થયા શું યોગી મ્હારા; અલગ અલખ જગાવો;
શરીર સળગતાં વિશેષ વિભુતિ; અંગની અંગ લગાવો.

દેવકુમારી:—

મને સ્નેહભર્યો સંસાર સખી વીણ સુનો લાગશે
મારી સ્નેહ વીણાના તાર હવે તો મીઠા વાગશે.
અરણ્ય વિષે આ કળી એકલી કોની સહ રમશે.
—એકલું કેમ અહીં ગમશે.
અમી ઝરતાં પગલાં પાવન કુંજ, આ પગલે અમી ઝરશે.
—સ્નેહના સ્વર્ગ સદન ઢળશે.
નંદન વનની કોકિલા નંદનમાં સોહાય
માનસની હંસી વસે, ત્યાં માનસ થઇ જાય
મધુરા મુનિવર તમ સંગે, રમશે રસભીની રસ રંગે
બ્રહ્મસદનની શોભા અવની અમર ભુવન કરશે
—પછી કેમ સખીઓ સાંભળશે-મને.

સતી અનસુયા—

મહેમાંન થયાં તમે મારાં સ્વીકારશો મહેમાની
મહેમાન કરે મહેમાની દુનિયા કહે દિવાની (૨)
ધરી વસ્ત્રાભૂષણ અંગે, કરો રમત ગમત અમ સંગે. (૨)
ઝુઝીયે મદનના જંગે—સ્વીકારશો મહેમાની. (૨)
જેવી નીર વિનાની સરિતા, તેવી વ્હાલા વીનાની વનિતા;
બીજી વ્યર્થ બધી મરતાની, દુનિયા કહે દિવાની (૨)
કંઠે ધરો કુસુમની માળા, પહેરો નીલમના હાર રૂપાળા (૨)
શીર ઉપર મુગટ છોગાળા—સ્વીકારશો મહેમાની.
જેના પતી વસે પરદેશે, તેણે રહેવું સાદે વેશે;
બીજી વ્યર્થ બધી મરતાની, દુનિયા કહે દીવાની-મેહમાન૦

લોહીની લક્ષ્મી:—

ફરી તો ગયું રે વાજું ફરી તો ગયું—
મારા આ લગનનું વાજું ફરી તો ગયું—
મેં તો માન્યું તું કે પરણીશું નાની નાર
હાય પણ એ મનડું મારૂં મરી તો ગયું—મારા
ઉની ઉની હુંફ રૂડી હૈયે ધારીતી મેં તો
પણ એ ઠાલું થઇ ટાઢું ઠરી તો ગયું—મારાં
હૈયે આ હાશ બદશો ઉઠે હયકારા મુજને
ભટકાતી ભુત એમાં ભરી તો ગયું—મારા

વીર-હમ્મીર:— પ્રેમના પાઠ.

કંઇ પ્રેમની કળા શીખાવો, પરણીને લેવા લ્હાવો.
મને પ્રેમના પાઠ પઢાઓ પ્રેમી કેમ બતાવો.
પ્રેમી પ્રતિમા પહેલાં જોતાં નયનો નીચાં ઢળી પડે.

શરમ ચઢે ધડકે ઉર તોયે નયને નયનો મળબ ભડે.
કરે પુરૂષનો શિકાર સ્ત્રીઓ પ્રેમની જાળ પ્રસારી.
કહે છે કવિઓ પ્રેમ તણી તો કળા અજબ છે ન્યારી.
પ્રેમી રસનું પાન કરે તો પ્રેમની ચઢે ખુમારી.
મીટ મીટ મળે મધુરી તો જગજા મુકેલી સારી.
પ્રણય પરીક્ષા પાસ થતામાં પીડા બહુ છે ભારી.
વાહ ભાભી છે વાહ તમારા પ્રેમ તણી બલીહારી.

કીર્તિસ્થંભઃ—

જાદુગર વીણાવાળા, સંભળાવ મંત્ર મરમાળા—
શું ભાન ભૂલ્યા ઓ બાળા, આ નથી સ્નેહની શાળા.
.....................ઝણકારે જગની જચાળા—હો જાદુગર
પણી ભરવાં આવ્યાં ત્યાંતો—ઉતર્યાં પાણી અમારાં
મધુર મીનાદે પરવશ કીધાં, ચેતન હર્યાં અમારાં.
મોહ ઘેલછા આ નવ શોભે, લાજે શિયળ તમારાં.
.....................વિસરાય ન શબ્દ રસાળા—હો જાદુગર

ગરીબની હાયઃ— **ઘેર કેમ છે ?—**

બાઇ જુઓ સંસાર, મારે બાયડીઓ માર ?
તમે કરો વિચાર, ઘેર કેમ છે,
અમે થઇશું શિરતાજ...થાશે અમારૂં રાજ,
તમે કરજો ઘરકાજ....વાત એમ છે....બાઇ
મુઆ કાઢે શું દાંત....આ છે શિખવાની વાત,
મ્હને બૈરાની જાત પર વ્હેમ છે...બાઇ
માથું દુખે જો પુરૂષનું તો બાયડી એ બામ છે,
એ બામનું માલીશ કરો તો બસ પછી આરામ છે.

બૈરાંથી આજે માન છે બૈરાંથી આજે નામ છે,
બસ ધકલપંચા દોઢસો રાખનારો રામ છે.

* * * * *

આ પુરૂષની પિસ્તોલમાં બૈરાનો ગોળીબાર છે,
માટેજ કહું છું બેઉને સમજી જવામાં સાર છે.
તમે કહો તો ખરા ભાઇ, કેવા ઘરમાં છે બાઇ,
આથી ડાહી કે સવાઇ, કેવી રે'મ છે ?....ભાઇ
સાચું બોલજો આ બ્હેન, કેવી અંતરની નેમ,
આથી ઉતરે કે કેમ ? કેવો પ્રેમ છે ?
રે,...મને ભાયડાની જાત પર વ્હેમ છે.
તો...મને બાયડીની જાત પર વ્હેમ છે...ભાઇ

પ્રેમ વિજયઃ— જુઠી દુનીયા

શ્રીમંતોની દુનિયા છે જુઠી, જુઠા સૌ વહેવાર,
જોઇ ના અમારી અંજાશો સ્વાર્થ તણુંજ બજાર.
મહેલ માળા જોઇને કોઇ વ્યર્થ નહીં લલચાશો,
ઝાકળનાં જળ મીઠાં માની પીવા કદી નવ જાશો
એના ખોટા છે ચમકારો........................
સ્વાર્થી જનોની પ્રપ્હંજાળમાં કદી નહીં બંધાશો
પ્રપંચી જગમાં ભોળાં થાશો તો આખર પસ્તાશો
એમાં જોશો નહીં કંઇ સાર....................

મરદના ઘાઃ— રાગ-ભજન શંતોનાં આશ્રમ.

આશ્રમ અમારાં સામેતીર ઓ સંતો વ્હાલા,
તરી લ્યો ભવસાગર તણાં નીર.
વ્હાલાંના વિયોગ વસમા, વેરીના સંયોગ વસમાં,

વસમી પીડાંઓ વીંધે સુકોમળ શરીર......સંતો૦
જન્મને મૃત્યુ વસમાં, જરાને વ્યાધિ વસમાં,
વસમાં વૈતરણી કેરાં તરવાં છે તીર......સંતો૦

મરફના ઘાઃ—

જ્યાં જીંદગીમાં રસ નહીં, ધંધામહીં કંઇ કસ નહીં.
ભાઈ ભાભી વશ નહી, બૈરી તરફથી જશ નહીં.
મામલો ગંભીર જ્યાં, શું કામનું એ ગામ છે,
નસી જતું અહીંથી હવે મર્દાઈ એનું નામ છે,
મારવાડ જોયાના કોડ મોહનજી મારવાડ જાશું—
ઝાઝી માથાફોડ છોડ ઓ દેવકી પાંજરે પુરાશું,—
મારવાડ જાશું ને માતેલાં થાશું, બાટીને દાળ ખુબ ખાશું,—
મારવાડ જાશું તો ભૂખ ભેગા થાશું,..................
પાણી વિનાં કયાં ન્હાશું —ઓ.
કયાંથી જાગ્યા આવા કોડ. ઓ વેવલી પેથાપુર જાશું ?

લગ્ન બંધનઃ દીલબર કેવી જોઇએ ?

વદન ગુલાબી મદન સદન સમ, કમર લચકતી નાઝુક હો સુંદર,
વાંકી ભ્રકુટી તાકીને મારે ઘાયલ કરે દિલ એવી હો દીલબર,
ચટકતી ચાલે અદ્ધર જમીનપર આંખે હો કાળી લાલી અધરપર
પ્રીતિની પ્યાસી વામા વિલાસી ટાળે ઉદાસી એવી હો દિલબર
ઘરમાં હો વાઘણ સભામાં સોહણ ચીશો પાડે પણ જોતાં છછુંદર
ટુંકી જીભે કરે લાંબા જે ભાષણ મુજ ઉડે દિલ એવી હો દિલબર
સદા હોંસીકલી આવે જયાં વર, નજર કરે તર ખીસ્સાંપાકીટપર
ઠકારા વિણ ના ચાલે ઘડીભર, ઉડાડે અદ્ધર એવી હો દિલબર,

પ્રેમ બંધન:　　　　ખરેપ્રેમ

માછલડીના રસીયા ભોગી પ્રેમી ના કહેવાય
　　　　　　　　　બગલા પ્રેમી ના કહેવાય...
કળીએ કળીએ ચંચળ ભમતાં પ્રેમી ના કહેવાય
　　　　　　　　　ભમરા પ્રેમી ના કહેવાય...
ચંદ્ર ચડયો દેખી ગગને અહીં ચકોરી મન હરખાય
પ્રફુલ્લ બની કુમુદિની ભોળી મલક મલક મલકાય
　　　　　　　　　ચંદ્રને નવ દરકાર જરાય...બગલા
મૃદુ મીઠડી સરીતા રત્નાકરને મળવા ધાય
ખારો તોએ પ્રિયતમ પ્યારો અર્પણ કરતી કાય
　　　　　　　　　પુરૂષને કયાંથી એ સમજાય...બગલા.

રા' નવઘણ—　　　ચાર દીવસની ચાંદની

જન શું ગુમાને રાખે, જીંદગી નથી સદાની,
દીનચાર ખીલી ચંદા, પલમાં ડુબી જવાની,
રાવણ સરીખો બળીયો, યુધ્ધે ચડીને હાર્યો,
સીતાપતિ શ્રીરામે, અભિમાન ઉતારી માર્યો—જન.
જ્યારે ઇંદ્રપદ લેવા, બળિને મતિ જ્યાં વ્યાપી,
વામન સ્વરૂપે ત્યારે, ક્ષણમાં ભૂમિને માપી—જન

સિરાજુદ્દોલા:—

પૂછો કોઇ પરવાનાને—:
　　　શમાપર બળી મરતા શાને—:
　　　અધિરા થતા એ શાને.
ન જાણે એમાં મઝા શું દિવાનાને.
"દીપકમાં ઝલકી રહયો અજબ પ્રેમનો રંગ"
"સુંદરતાના શોખમાં સળગી મરે પતંગ"

સુર્યકુમારી.

અકકલની એક વાત શીખાવું જગમાં મોટી હાજીહા
શેઠ પાસે વાણોતરની એક સાચી સોટી હાજીહા
શેઠ કહે સાગરનું પાણી મીઠું છે તો હાજીહા
ખારી સાકર, ગળ્યું મીઠું-છે, તોપણ કહેવું હાજીહા
રાત અંધારી, શેઠ દીવસ કહે તોપણ કહેવું હાજીહા
મન પરખી માલીકનું સૌએ થઇ રહેવું ભાઇ હાજીહા

બુદ્ધદેવ. —રાગ-ભજન—

કાયા કાચ કુંપો, તું તો ચેતરે, હિણ ભાગી હંસા;
અવિચળ પદ્દીને તું પેખરે, હિણ ભાગી હંસા.-કાયા૦
ઝાંઝવાનાં નીર સમજ આ, કાચી જીંદગાની તારી;
મમતા મુકી દેને તું તારીરે, હિણભાગી હંસા -કાયા૦
બે દિનના છે ઘરજાળ સઘળાં, બે દિન અહિં રહેવાનું છે,
બે દિનનાં છે સગાસંબંધી, બે દિન સુખ લેવાનું છે.
બે દિનનો છે પંખી મેળો, અંતે ઉડી જવાનું છે,
લોકો જેને દુનિયા કહે-તે, એક મુસાફર ખાનું છે.-કાયા૦

સતી તોરલ. —રાગ-ગઝલ—

જીવન દિન ચારનું ચટકું નકામો મોહમાયાનો,
ઉડી જાવું આખર અંતે કરીને ત્યાગ કાયાનો.
થતાં દરબારનો ડંકો રહે ના ગર્વ બંકાનો;
શુરાનો પણ સમય આવે સમાધિમાં સમાવાનો.
અરેરે ક્યાં માયાનો નકામો મોહ સંસારે,
જુવે જ્ઞાની છતાં જ્ઞાને-ધારાવી ઢોંગ ડાહ્યાનો.

બુદ્ધદેવ. — રાગ, ગઝલ. —

પડતી હવે મુજને ખબર, તુમાં જણાયે હર્ષ નહિ,
આ જગતની જંજાળની, ચતુરાઇ તેં દીઠી નહિ.
જ્યાં પ્રેમ મારો ઝળહળે, ત્યાં તેં દીધો બદલો ખરો,
ઘરબારને છોડયા વિના યુક્તિ કશી સુજી નહિ.
હવે તો જો જરા જાગી (૨)–હવે.
ચોળી વિભૂતિ અંગ,—બન્યો શું યોગી (૨)
સમાધી જુઠી હે ત્યાગી (૨)
વિલાસી મહેલના વાસી, તને આ શી લગન લાગી (૨)
મધુરાં પુષ્પને ત્યાગી, અણા કાંટા શું હીન ભાગી (૨)–હવે.
ઉંડી આશ ધારીને, મેં તારો સંગ કીધો તો,
ભરૂસો દઇ ભુલાવી આ! વિરાગી શું ગયો ત્યાગી (૨)–હવે.

ઉદયભાણ, —:═════:—

બોલો મારા પ્રેમી પોપટજી બોલો બોલો, બોલો બોલો મેના બોલાવે,
બોલો રંગ રશીયાજી ડોલો જરી ડોલો ડોલો. ડોલો, પ્યારી ડોલાવે.
મેનાં તારા વચનની વેણુ વાગી, લાગી લાગી લલીત લેહ લાગી.
મેનાં વ્હાલી મેના કે–ના કહે, પણ જાગી જાગી અજબ જોત જાગી.
પહેલા પોપટજી પ્યારા રામજી સંભારો–વાહ! મેના શું–સતી
સીતા વિસારો.
ચતુર સુજાણ સીતા–રામ ઉચરાવો......................બોલો.
પોપટજી પાંજરૂં સોનાનું સજાવું–લાડીલી હું લાલચુ નથી કે લલચાવું.
સોને રૂપે શું ભીડ ભિતરની ભાગી.................ભાગી.
રૂડા સુડાને રંગે રમાડું, પાંખે ઘાલીને ફળ મીઠાં ખવાડું,
ભાવના ભુખ્યા તમે શું? ભાવી ભાવના ભુલાવે?–બોલો.

ચાલુ જમાનો —સમય પ્રભાવ—

અવસરને વશ બસ થઇ રહેવું, દુઃખ આવે તે તો સેહવું,
દુઃખ આવે તે તો સહેવું, પ્રભુ રૂડે કોને કહેવું.—અ૦
વેળા વશ સીતારામ થયા વનવાસી,
વેળા વશ દ્રૌપદી થઇ સૈરન્ધ્રી દાસી—એથી શિક્ષણ લેવું.—અ૦
વેળા વશ નળ નૃપ, ગયા જુગારે હારી,
ભટકી દમયંતી વનવન હાય બીચારી—છે ભાગ્ય પ્રબળ એવું.—અ૦

બુદ્ધદેવ —ગઝલ—

દુઃખીને ડરાવે શાને, મરેલાને મારે શાને,
બળેલાને બાળે શાને, વૈરી વિધિ,
રીઝાવી સતાવે શાને, સતાવી રીબાવે શાને,
રીબાવે જીવાડે શાને, દયાના નિધિ.
શશિને કલંકો દીધાં, ગુલાબો મનોહર કીધાં,
નિયંતા તે આવી શાને, અનિતી કીધી,—દુઃખી
ચંદનને કુસુમનાં દીધાં, સાગર જળ ખારાં કીધાં,
અમૃત કહી ઝેર દીધાં, જીવન અકારાં કીધાં;
રમણી હૃદયે આશા, નિરાશા દીધી.—દુઃખી

મહાશ્વેતા કાદંબરી. —:═════:—

હમારી લાજ તમારે હાથ, ઓ નાથ નિભાવજોરે...હમારી.
"સદ્‌ગુણ જ્ઞાન સુબુદ્ધિ આપો, સતચિત આનંદ ઉરમાં સ્થાપો."
અગમ નિગમનો માર્ગ સુગમ બતલાવજોરે...હમારી.
ભક્તિ થકી ભવ બંધન તુટે, ડગલે ડગલે આયુષ્ય ખુટે.
શ્રીધર મમ તન મનના તાપ સમાવજોરે...હમારી લાજ.

કાન્તિ માયા.

ગાન મધુરાં ગાય રતિના રૂપે કામ જગાવે,
સ્નેહ સુધારસ સીંચન કરતાં ઘડી ઘડી શરમાવે, મુજને એ મોહન ભાવે.
વાત વાતમાં રીસ કરીને રોષ દોષ દર્શાવે,
પણ મમતાથી પગે પડું તો, છાતી શું લપટાવે—મુજને.
કરી કમાણી પૈસા લાવે પેટીમાંજ દબાવે.
કુંચી કરમાં લયો શેઠાણી! કહી કહી બોલાવે.—મુજને.
ઘર કુકડો થઇ ઘરમાં બેસી આજ્ઞા નિત્ય ઉઠાવે.
ઘરની દેવી કહી સલુણો સેવા સર્વ બજાવે—મુજને.
પ્રેમ પુષ્પનો પ્રેમ ભોગી તે પ્રેમસુધા પીવરાવે.
પ્રેમથી પરિરંભણ આપી પ્રેમ ઝુલે ઝુલાવે—મુજને.

રા. નાથુલાલ. રાગ-ગરબો.

પાતળીયા પાલવ મેલોરે, પાય પડું રે
અલબેલા અળગા રહોનારે પાય પડું રે
છોગાળા છેડો મેલોરે પાય પડું રે
વ્હાલાજી મારા, મહીની મટુકી મારી ફુટી (૨)
આ કંઈ મોતનામાળા તુટી (૨) રે પાય પડું છું—પાતળીયા.
વ્હાલાજી મારા કંસનું રાજ નથી રૂડું. (૨)
કોઇ જોઇને કહેશે કુડું (૨) રે પાય પડું છું—પાતળીયા.
વ્હાલાજી મારા, ઝગડો ઝાઝો નવ કીજે, (૨)
તુંને દાણ શાનું દીજે (૨) રે પાય પડું છું.—પાતળીયા.
વ્હાલાજી મારા હૈયાનો પ્રિતમ છે સોહાગી; (૨)
મુને તારી માયા લાગી (૨) રે પાય પડું છું.—પાતળીયા.

સતી તોરલ.

—ભજન—

જેસલ કરી લે વિચાર, માથે જમકેરો માર.
સ્વપ્ના જેવોરે સંસાર, તોળાંદે કરે છે પોકાર.

આવોને જેસલરાય આપણ મળીયે,

ખરા સંત હોયે ત્યાં જઇ ભળીએજી ?

આ ભવ આવીયો અવતાર માથે સદ્‌ગુરૂ ધાર.
જાવું ધણીને દરબાર એડલી ઉતારે ભવપાર
—આવોને૦

મોતી એરણમાં ઓરાય, માથે ઘરણ ધેરા થાય,
ફુટે ફોકટીઆં કહેવાય, સાચાની ખરે ખબર્યું થાય.
—આવોને૦

નવલખ કોથળીઓ બંધાય, ત્યારે ગાંધીડો કહેવાય,
હિરા-માણેક હાટે વેચાય, તેનાં મુલ મોંઘેરાં થાય—આવોને૦
નિત્ય નિત્ય ઉઠી ન્હાવા જાય, કોયલા ઉજળા ન થાય,
એટા ગુણિકાનો તે તો બાપ કોને કહેવા જાય—આવોને૦
દેખા દેખી કરવા જાય, એ નર અગુરીયા કહેવાય,
હાથમાં દીવો લઇને છતી આંખે કુવે પડવા જાય.—આવોને૦
એવી ચાર જુગની વાણી સતિ તોરલ દેરી ગાય.—આવોને૦

મીરાંબાઈ. રાગ, ભજન—પદ.

ઝુલત રાધા સંગ ગિરિધર ઝુલત રાધા સંગ,
અબીલ ગુલાલકી ધુમ મચાઇ, ભર પિચકારી રંગ—ગિરિધર,
લાલ ભઇ બિંદ્રાવન જમુના, કેશર ચુવત અંગ"
નાચત લાલ અધર સુ રસભર. ધિમી ધિમી બાજે મૃદંગ."
મીરાં કહે પ્રભુ ગિરધર નાગર, ચરન કલમ કુરંગ

જીવ-કુશ —વૈરાગ્યભજન રાગ. પદ—

જોને જરી જાગી મુરખા, જોને............જરી જાગી,
અલ્યા સુતો શું અભાગી! જીવ! જોને જરી જાગી,
સગાંને બંધી ત્હારાં, સુખનાં છે બેલીરે. (૨)
ઠેલી મેલી જાશે દુખમાં રડતોજ ત્યાગી—અલ્યા સુતો શું—
કાયાની માયાને ત્હારી, કર તું વિખુટીરે (૨)
કુટી ખુટી સાંધનારો—નથી કો વિરાગી—અલ્યા સુતો શું—
મ્હારૂં આ મ્હારૂં છે માની ગુમાની શું ચાલેરે (૨)
જાતો હરખાતો માતો જાશે હામ ભાંગી—અલ્યા સુતો શું—

રાગ સાજ સંગ્રહ—હનુમાન સ્તુતિ—

ધન ધન મહાવીર બજરંગ, રાવણ લંક જલાને વાલે.
આજ્ઞા રઘુનંદનકી પાય પહુંચે ગઢ લંકામેં આય;
ક્રોધિત હો દી આગ લગાય, રામકે કામ બનાને વાલે.—ધન.
રાવનકી બાટીકા ઉજારી, મારા અક્ષય કુમાર સુરા રી;
ફસ ગયે બ્રહ્મ પાશ એકવારી, લીલા લલિત દીખાનેવાલે.—ધન.
ચઢી દ્રુમ અશોકપર હર્ષાય, દિન્હી ઝટ મુદ્રિકા ગિરાય;
ચરનન ગિરે સિતાકે આય, પિયાકી ખબર સુનાનેવાલે.—ધન.
શક્તિ મેઘનાદ તે મારી, વ્યાકુલ ભયે લક્ષમન બલધારી;
લાયે સંજીવની સુખારી, લક્ષમન પ્રાણ બચાને વાલે.—ધન.
માયા રચ અહિરાવન ધાય, જબ હર લે ગયા દોનો ભાય;
રામકો લક્ષમન સહિત ઉઠાય, જાય પાતાલમેં લાનેવાલે.—ધન.
દુષ્ટોકો મારો તતકાલ, ભકતોંકા કરિયે પ્રતિપાળ;
શરણાંગત દ્વિજ મન્નીલાલ, ધન વિદ્યા બલપાનેવાલે—ધન.

સતી તોરલ. —ભજન—

પાપ ત્હારૂં પ્રકાશ જાડેજા પાપ ત્હારૂં પ્રકાશરે,
ત્હારી બેડલીને બુડવા નહિ દઉં જાડેજારે—તોરલ કહે છે—
હરણ હર્યાં લખચાર તોરલ દે હરણ હર્યાં લખ ચારરે,
કંઇક વનમાં મૃગલા મારીયા, તોળાદેરે એમ જેસલ કહે છે.
કર્મ ત્હારાં સંભાર જાડેજા ધર્મ ત્હારો સંભારરે—તારી બેડલી—
લુંટી કુંવારી જાન સતિ નારી, લુંટી કુંવારી જાનરે,
સાત વીશું ભોડબંધ મારીયા તોળાંદેરે, એમ—જેસલ કહે છે
ધર્મ ત્હારો સંભાળ જાડેજા ધર્મ ત્હારો સંભાળરે—તારી બેડલી—
તોડી સરોવર પાળ, સતિ નારી તોડી સરોવર પાળરે,
ભાઇ ભાભીને મેં મારીયાં તોળાદેરે એમ જેસલ કહે છે
કંઇક પરમાર્થ કર જાડેજા કંઇક પરમાર્થ કરરે—તારી બેડલી—
માથાના જેટલા વાળ સતિ નારી માથાના જેટલા વાળરે,
એટલાં કુકર્મો મ્હેં કર્યા તોળાંદેરે એમ—જેસલ કહે છે.
પાપ તારૂં પ્રકાશ જાડેજા પાપ ત્હારૂં પ્રકાશરે;
વિનવે જેસલરાય—સતિને વિનવે જેસલરાય,
મારી બેડલી ઉતારો ભવ પાર, સતિ—મારી બેડલી ઉતારે ભવપાર—

અહલ્યા બાઇ. —:═══:—

રાજ સામી સાંજના આવજો, સામી સડકપર બંગલો,
મીઠા—મ્હેમાન આજ આવજોરે—સામી૰
પ્રીતિ સરોવરની પાળે પાતળીયા
અમીરસ પીજો પીવરાવજોરે—સામી૰
કાયાને ક્યારડે મ્હેકે કસ્તુરી
લ્હેરખડા લુંટજો લુંટાવજોરે—સામી૰

કબીર ભજન —રાગ પદ—

તુંહી રામ તુંહી રામ તુંહી રામ, તારો ચરખો બોલે રામ નામ,
ભજ તુંહીરે......નીજ તુંહી......રામ તુંહી;

ચરખો મારો અજબ રંગીલો, પુણીગો લાલ ગુલાલ
કાંતનેવાલી છેલ છબીલી, આકાશ નાંખે તાર, અરજી સુણજો મોરીરે.
રૂ પીંજાવવા હું ગઇ, તુમ પીંજો પીંજારા ભાઇ;
પીંજન પીંજેરે કોઇ ખા ગઇ, કાંઇ દાસ ગુરૂ સમજ બતાઇ.
જળ ઉપર જળ નિપજેરે, જળમાં કાધો વાસ;
એક અચંબો મેં સુણ્યોએ કાંઈ બેટીએ જનમ્યો બાપ.
બેટી પુછે બાપકું તું અજાણ્યો વર લાવ;
અજાણ્યો વર ના મળે તો તારે મારે ઘરબાર.
માતારે મરજો પીતારે મરજો મરજો ઘર ભરથાર;
એક ન મરજો પીતારે મારા ચરખાનો ઘડનાર.
રામદાસનો ભણે કબીરો આ ચરખો કહેવાય;
આ ચરખાને જે કોઇ ફેરવે, તેના જન્મ મરણ મટી જાય.

મહાશ્વેતા કાદંબરી. —:═══:—

પતિ વીના પ્રેમદાના મનના, પુરાય ક્યાંથી કોડ,
કહે **સખી** પુરાય ક્યાંથી કોડ ?
સરજનહારે સરજી જગમાં નરનારીની જોડ. (૨)
પશુ પક્ષી વન વૃક્ષ નિહાળો—સૃષ્ટિ માંહિ સઘળે જઇ ભાળો.
નાના મોટા જીવ જંતુમાં, પણ એવી નથી ખોડ—સ૦
પતિ ભજયે પાતક સહુ ટળતાં, અખંડ સુખડાં સેજે મળતાં,
પતિ વિના સાહેલી જગમાં, હરાય જીતી હોડ—સ૦

ઉદય-ભાણુ —રાગ-ભજન—

ટાળ્યા નહીંરે ટળે લખ્યા લલાટે લેખ—ટાળ્યાં૦
વાવ્યા બીજ તે ફળે, કરમે લખ્યું તે મળે—ટાળ્યાં૦
દશરથ બાંધે તલાવડી, પાણી શ્રવણ ભરે;
ધર્મ કરતાં ધાડ થઇ, આંધળા ઝુરી તો મરે—ટાળ્યાં૦
રઘુવીર ચાલ્યા વનમાં, સીતા રૂદન કરે;
દુષ્ટ દગે સતી લઇ ગયો, લંકા પળમાં બળે—ટાળ્યાં૦
હરિશ્ચંદ્ર જેવો રાજવી, નીચ ઘર મજુરી કરે;
રાણી વેચી પરઘરે, વેશ્યા ચાહે સો કરે—ટાળ્યાં૦

માલતી માધવ— —:═══:—

ચાલ...ચાલ...ઓ અલબેલી, વળી વળી પાછું જુવે શું પ્રેમ ઘેલી.
તારા ઉરમાં આનંદની હેલી સાહેલી, તારા ઉરમાં આનંદની હેલી,
મળ્યા હવે ભેગાં, ચંપો ને ચંપેલી..........ચાલ ચાલ;
મારા પગના ઝાંઝરની ખીલી, વારે વારે પડતી ઢીલી
(ખીલી જેવી ઢીલી, એવી તું એ છે હઠીલી, હવે ચાલ?)
(આ...આવિએ છીએ)..............................ચાલ.

એક જાહેર ખબર— તાકીદે મંગાવો.

(ડીટેકટીવ નવલકથાઓ)

ડાકુની દીકરી. અથવા-મોહિની ઉર્ફે મરીયમ	કી. ૦-૧૨-૦
ભયંકર કુતરો અથવા-બાયડી કે બ્હેન	કી. ૦-૧૨-૦
ચાલાકચોર—અઠંગ ઉઠાવગીર	કી. ૦-૧૨-૦
શયતાનની લીલા.	કી. ૦-૮-૦
ગરીબ હુલીમાં (મુસ્લીમ સંસારી વાર્તા)	કી. ૦-૮-૦

મળવાનું ઠેકાણું:— ચુનીલાલ-મ. શાહ. બુકશેલર-સુરત.

છત્ર વિજય

પાતળીઆ પાતળા છોરો કોઇ જોઇ જાશે,
—નખરાળાં શીદ તરછોડો મારો જીવ જાશે.
બાળી ભોળી હું બાળ કુંવારી,
—બાળો ભોળો હું છું બ્રહ્મચારી.
છોડો છોડો મારો હાથ મરડાઇ જાય છે,
—આના આવા ચાળા જોઇ લાહ્ય થાય છે.
કાં શું થાય છે? (મારો જીવ જાય છે, અરે હાય હાય હાય)

સુકન્યા સાવિત્રી. (નાતરીઆ ન્યાતનો ફજેતો)

નવ ગમે ઘરબાર, ભરી દુઃખની વખાર,
બળ્યો સંસાર નાતરીયા ન્યાતનો
...દીઠું નારનું બજાર, વ્હોરી વ્યર્થ વહે ભાર,
જેમાં મળે નહીં મેળ કોઇ વાતનોરે—બળ્યો.
કેમ કરી થાય કહો પ્રીતી પરાણે.
"કરે જીવતાં મોહકાણ—મુવે હોય તાણાતાણા"
...ભાઇ બાઇનો વ્હેવાર ચાલે લાતનોરે—બળ્યો.

બુદ્ધદેવ.

પિયુ પિયુ પોકારતારે. પપૈયા ઝુરે વનમાં,
વિરહ અંગાર ઉઠે તનમાં. અતિશય બળી રહી મનમાં.—પિયુ૦
ખીલતી આ કળી કુસુમની, ભોગી વિના કરમાય;
ઝુકતી આ લલિત પાંખડી, ભોગી મધુકર ચ્હાય—પિયુ૦
બાળા રસાળી અંતરે, આકુળ વ્યાકુળ થાય;
નમ્ર નવોઢા નૌતમ રમણી, રસિક નરવર ચ્હાય,
હંસણી દુઃખી થતીરે, કોમળ માનસ ઉપવનમાં—પિયુ૦

કંસવધ. — ગરબો —

જમુનાને તીરે જાદુવાળે, સખી બંસરી બજાવી,
નંદલાલે વ્હાલે ચિત ચોરી મને બાવરી બનાવી.
ભૂલાવી મારૂં ભાન સાન કહાન ગયો હોહો,
મને મોરલીએ મોહીની ઉપજાવી — જમુના.

સાખી } સુંદર છબી જોઇ છેલની, ઉપજી અંતર પ્રીત;
નટવર ગિરધર શ્યામમાં ચોંટયું મારૂં ચિત.

નયન નેહે નચાવ્યાં વાલોડે સખી મુખ મલકાવી,
છુપી છુપી કરી સાન, મને લીધીરે લોભાવી,
ન ભાવે ખાનપાન નિંદ ન આવે હવે, લગન લલનાએ પ્રેમની લગાવી.

સાખી } વીરહ થકી વિંધાયલું, અંતર અતી અકળાય,
અળગો રહે અલબેલડો, શું કરૂં સખી ઉપાય—જમુના.

પૃથ્વી પુત્ર —:═══:—

આવી આવી વસંતની બહાર, સુની મારી સેજલડી,
તોયે આવ્યા ન હૈયા કેરા હાર, સુની મારી સેજલડી.
લાવો લાવો સમજાવી, સુંદર શ્યામ શ્યામ શ્યામ,
આવો આવો અંતરના આરામ, સુની મારી સેજલડી.

સાખી } મીઠા બોલી કોકિલા કરે મધુર ટહુકાર,
વીરહે વ્યાકુળ વલ્લભાદેતી શ્રાપ હજાર.

મનગમતા મોહન લાલા અંતર છો વિહવળ વ્હાલા,
પ્રિતી ધારા વરસાવો, શાને તરસાવો, ફુલસૈયા સોહાવો.
ફુલબાણુ વિંધે પ્રાણ—આ સુની મારી સેજલડી.

કુસમાવતી. —રાગ-ભજન—

ભલે જન કોટી યત્નો કરે, નસીબના લખ્યા લેખ ના ટળે
પાપીયા પાપી પગલાં ભરે, અંતમાં માથુ પટકી મરે.
હરિશ્ચંદ્ર મહારાજ જુવોને, નિચ ઘેર સેવા કરે
થઇ સેવકી સતિ લેખથી ગુમાન શાને કરે—નશીબ.
પાન્ડવ સરખા ધર્મ ધારી પણ, વન વન રવડી મરે
ચીર હરણ થયાં સતીનાં પ્રભુ કૃપા ત્યાં કરે—નશીબ.
સતીયા સુરજન ભલે કુજનથી, કદી પીડાતા—ફરે
સત્યેમેવ જયતે સમજજો, ન્યાય નીયંતા કરે—નશીબ.

સરોજની —રાગ-ભજન—

કાળ નહિં છોડે, હાલા શાને મથીને મરો,
પાપી ભમણા કાજેરે, મોળાં કાળાં શીદને કરો.
મન જાણે છે મે કર્યું કે! પણ કરનારો છે કોય;
આશ્ચર્ય અવ્યય રહે ને, હરી કરે સો હોય,
મિથ્યા વૈભવ માટેરે નિર્દય જુલમી શીદને કરો—કાળ૦
નક્કી સમજો કાળ રાય ત્યમ, રંક સર્વને ખાય;
બાંધી મુઠ્ઠીએ આવેલાં સૌ ખલી હાથે જાય,
કરશો તેવું ભરશોરે! પરમેશ્વરથી ડરી તો ડરો—કાળ૦

સરદારબા —કજોડાની કહાણી—

કોને કહીએ કજોડાની કહાણીરે, જેમ બળદ પીલાયે ઘાણીરે,
લોક વગોવે ને સાસુ સંતાપે, વળી પીયુડો છે પામર પ્રાણીરે.
હું જોબન રશ ઝુલતી, પણ જોડીની ખોડ,
પીયુડો રમે લખોટીયે કરતો દોડા દોડ.
જગદીશ! હવે ગભરાણીરે, સહાય કરજો શ્રી સારંગ પ્રાણીરે.

રાજકઠીયારાની વાર્તા— (રાજકઠીયારો નોવેલમાંથી)

—રાગ-દોહરો—

ભરતખંડમાં સુંદીરગામ, ક્ષત્રિઓનું મોટું ધામ !
જનક નામે પુરનો ધણી, સં નામે રાણી પદ્મણી !
એક દિવસ નિશાએ રાય, પાસે રાણી ચાંપે પાય,
રાતદિવસનો પડયો વિવાદ! હોડકરી કીધો સંવાદ!
ચડા ઉતરી બેને થાય, રાજા હઠમાં આવિ જાય, !
હાજીઆએ 'હાજીહા' કરી, કાળરાત અપોરા ઠરી !
ગર્ભવંતી ગુણવંતી નાર, મૂકી રાત્રે વન મોઝાર !
રોતી પીટતી રાણી ગઈ, વનમાં પ્રસુત પીડા થઈ !
જાયો કુંવરકનૈયો કહાન, જાણે બીજો ભૂપ નિધાન !
પણ પતી વિણ સતીનું મન કચવાય, જુવે પુત્રને—
રોવાઇ જાય,
રાણી શોક અધિક મનધરે, દીકરો લઇ દક્ષિણ પરવરે,
સુખ દુઃખના આવ્યા દીન, સતીનું શરીર થાતું ક્ષિણ.
પુત્ર ઉગારી માતા મરે, સીદ્ધિ સ્વર્ગ વિશે સંચરે !
મરતા માદળીયું દીધ હાથ, માતાએ આશિષ સંગાથ.
કુંવર પછી કઠીયારો ઠર્યો પીતા ક્રોધથી કુંવરી વર્યો.
સતિએ દળદર કાઢયું દૂર, ત્યાંથી આવ્યા શ્રી સિદ્ધપુર.
કપટે—કંથ વગડે ઉપડે,—(ને)—સતી સસરાને પાલવડે
÷કહો જોગી પતી કહાં જઈ રહયા !=જંગલમાં જોગી થઈ ગયા.
÷કહો જોગી સસરાનું શું થયું ?=પુત્ર વધુ પર ચિત્તજ ગયું,
×કુંવર તાતથી કેમ પમાય ?÷સતિને પતીનો સમાગમ કયાં થાય ?
=ઉત્તર સામી આંખયો કરો, દક્ષિણ સામી પીડજ ધરો.
=જયો પીતાશ્રી જોધાણુ નાથ, લે સતી તૂંજ પતિનો હાથ.

રાજકઠીયારો નોવેલ—કી. સવા રૂપીયો.
મળવાનું ઠેકાણું:— ચુનીલાલ મ. શાહ. બુકશેલર—સુરત

સ્નેહલતા —:═══:—

છે નોકરી દુઃખનું મૂળ શુળ સૌને મોટી હાય હાયરે,
.................................શુળ સૌને મોટી (૨)—છે૦
સારો દિવસ સેવા બજાવી, પોઢવું આખર થાકી.
રાત વિતી ન માલમ પડે કે ઝટ નોકરી જાગી—શુળ૦
આમ દોડાવે તેમ દોડાવે કરાવે સર્વે વેઠ,
ધીક જગતમાં જીવતર તેનું (૨) ભરે આશરે પેટ—શુળ૦
પંડીત—જ્ઞાની ધ્યાની સર્વે લખી ગયા વિચારી,
ગુલામગીરી છે નફ્ફટ નોકરી (૨) નહીં કરવી તે સારી—શુળ૦

મીનળ—મુંજાળ. —:═══:—

અધુરો ઘટ છલકાય—આખરે અધુરો ઘટ છલકાય,
સાગરમાં બહુ શલીલ ભર્યું છે, પણ મઝા ન મુકે જરાય.
આમ્રતરૂવર ફળ આવે ત્યમ નીચું નમતું જાય,
એરંડો ફળ આવે બાપ્ર ! ઉંચો વધતો જાય—આખરે,
મુળ સંસ્કાર પડયા વીણ માન અધુરીયા કહેવાય,
વિદ્યા કે વિપુ, વીત વસ્ત્રથી જાતી સ્વભાવ ન જાય—આખરે.

સોનેરી જાળ —:═══:—

ભલે માલીક હો દુનિયાનો, ભલે અઢળક હોય ખજાનો,
ભલે પ્રતાપ હોય વિદ્યાનો,
ભોગવવાને જોઇએ,—પ્રભુના ઘરનો પરવાનો:—ભલે.”
“સત્તા મળી શા કામની, જો ન્યાય પંથે વળાય ના.”
“મહત્તા મળી શા કામની, જો એક ટેક પળાય ના,”
“વિદ્યા મળી શા કામની, મદ—મોહ કંધ જો તજાય ના.”
“શ્રદ્ધા ધરી શા કામની, જો આત્મ—શ્રેય સધાય ના.”
ભલે સુત હોય ધર્માત્માનો, ભલે મૂરખ—હોય કે દાનો—ભોગવવા.

બિરહેશરી. —:═══:—

આપ પાપડ વાડીમાં પધારજો લ્હેરીલાલ.
મંદીરની સામે મકાન છે, નીચે દેશી દારૂની દુકાન છે.
રંગરંગીલા ચાલ મારી પાડોશમાં તુલસી ક્યારાનું નીશાન છે,
છજામાં તુલસીના ઝાડનું નીશાન છે. — લ્હેરીલાલ.
અખંડ ને અભંગ આજ સાંજ પહેલા પધારજો,
હુડતાળવાળાનું તોફાન છે. જબરૂં હડતાળવાળાનું તોફાન છે,–લ્હેરીલાલ.
–જોખમ ભરેલું કામ પુરી પંચાત છે, ધાસ્તી છે આફતમાં
—જાન છે, મારા બાપ ધાસ્તી છે–લ્હેરીલાલ.

સતી દ્રૌપદી. —:═══:—

ધરો કાંઈ હિત શિખામણ ધ્યાન, ગર્વથી નથી નાથ કલ્યાણ,
કુસંપે રળ્યું કોણ આરામ, મેળવ્યું કોણે મહીમાં માન.
અભિમાન પર્વત છે મોટો, હેઠળ ઊંડી ખાઈ.................
ચડયા પડયા તે નર પછડાયા, છરમાં મયા છુંદાઈ–ધારો૦
લંકા સરખો ગઢ દુર્ઘટ ને સમુદ્ર સરખી ખાઈ.
લંક પતિ લંક પણ ન લાગ્યો. રણમાં ગયો રોળાઈ,
હિરણ્યાક્ષને—હિરણ્યકસ્યપુ એ જબરજંગ બે ભાઈ,
નૃસિંહ રૂપે નખે વધેર્યાં, માને ગયા મરડાઈ........ધરો૦

બુદ્ધદેવ— —:═══:—

ફુલની પાંખડી લ્યો પ્રાણ, ગણી અંતરની ઓળખાણ—ફુલની.
શ્યામ સલુણા અમ ઘર આવ્યા, શા કરીએ શન્માન.
નાથ નગિના પરિમલ ભીના, મન માન્યા મેહમાન—ફુલની.
ઝાઝું શું કહીએ સમજુને, સખી નયનનાં બાણ;
વિમળ કમળ, આ સરવર જળનું. ભોગી ભ્રમર સુજાણ—ફુલની.

કુમારપાળ.

પ્રેમ તંત્ર અણમોલ સખી એ શીખવ્યા નવ શીખવાય,
.......................કોઇના શીખવ્યા નવ શીખવાય.—
પડે સમજ અનુભવે આવડે, કાન્ત મિલન જ્યાં થાય,
........................એકાન્તે કાન્ત મિલન જ્યાં થાય—સખી.
પ્રિયતમને જોતાં શરમ ચડે, ધડકે ઉર પાછા ચરણ પડે,
ત્યાં શાં શીખાયે પ્રણય તંત્ર. જ્યાં નયને મદ ઘેરાય,—
..............................હઠીલા નયને મદ ઘેરાય—સખી.
પણ જ્યાં જરી આંખથી આંખ મળે, પળમાં ઉર એક બીજાં ઉછળે
અધીરા હૃદયેથી હૃદય મળે, ત્યાં રસ સાગર છલકાય—
.......................સ્નેહથી રસ સાગર છલકાય.

ઓડાણો. —વૈરાગ્ય ભજન—

જુઠું જુઠું જગત ખરું જાણ્ય મારે.
જુઠી જનની—જુઠીમાયા, જુઠી મોહ ભરેલી કાયા,
કાચ કુંપો કાયા મમતા તાણ્ય મારે.
ગગને જામે વાદળ ગોટા, પાણીમાં પ્રગટે પરપોટા;
ખેલ વિશ્વનો ખોટો—સાચો જાણુ મારે—
મારૂં મારૂં કરતાં મરતાં દ્રવ્ય કાજ પાપે નહી ડરતાં,
મેલી ચાલ્યા દામ—ખજાનો ખાણુ મારે.
જુઠી જાણોં જગની બાજી, આતમબાજી જશે ગાજી.
અંતે સૌને સોવું છે સ્મશાન મારે.

હુન્નર શિક્ષક— વગર મુડીએ પૈસા પેદા કરવાનું શાધન. કીમત રૂા. ૧-૪-૦ મંગાવો,

ચુનીલાલ મ. શાહ બુકશેલર. સુરત.

શાલિવાહન —:═══:—

મીઠી નજરના તરસ્યાના તરસ્યા બની રહેજો,
સિંધુ તમે તો બિંદુ સમ અમને ગણી લેજો,
એ સાગર હૃદય તમારાં, ત્યાં શા અભિમાન અમારા
નિભાવજો શરણાંગત જાણી દોષ સહી લેજો:—
જીવન તમારે ચરણે આત્મા તમારે શરણે,
મમ આત્મ તણા પરમાત્મ બનીને અંતરમાં રહેજો:—

ધના ભગત. —:રાગ-ભજન:—

રામબાણ વાગ્યા હોય તે જાણે, બોલ્યા મુરખા મનમાં ન આણે.
ધ્રુવને વાગ્યાં, પ્રહ્લાદને વાગ્યાં ઠરી ને બેઠાં ઠેકાણે
ગર્ભવાસમાં શુકદેવને વાગ્યાં, એવું વેદ વચન પરમાણે—રામ.
મોરદ્ધજ રાજાનું મન હરી લેવા, મ્હારો વા'લો આવ્યા જે ટાણે,
લઇ કરવત મસ્તક પર મેલ્યું, પત્ની-પુત્ર બેઉ તાણે—રામ.
મીરાંબાઇ ઉપર કોપ કરીને, બોલ્યો રાણોજી ખડગ તાણે.
ઝેરના પ્યાલા મ્હારા ગીરધરલાલે, આરોગ્યા અમૃત ઠેકાણે—રામ.
નરસીંહ મ્હેતાની હુંડી શીકારી, વ્હાલે બેપ ભરી ખરે ટાણે.
આગળ સંત અનેક ઓધાર્યા, એવું ધનાભગત ઉર આણે—રામ.

શાલિવાહન —:═══:—

અમર કામ જે કરે જગતમાં તે નર-અમર ગણાય,
જગ કલ્યાણે જીવન વીતાવે યુગ યુગ એ પૂજાય;
... ... મનુષ્યમાં તે જન દેવ મનાય:-અમર૦
આત્મ ત્યાગના ઉજવળ વૃતના ઘર ઘર ગીત ગવાય.
જેમ પુષ્પ ખરી કરમાય, પણ વાસ વિમળ રહી જાય.
કીર્તિવાસના કીર્તિવંતની અખિલ જગે ફેલાય:-અમર૦

કોઇ દુધ લ્યો દીલરંગી, શોખીલા શાણા ઉમંગી—હાં
કેરી પીયે કસુંબલો ગાંજો પીયે અબુધ,
દારૂ તો દીવાના પીયે, દાના પીયે દુધ—હાં કોઇ.
એક અમીરસ દેવનો, બીજો રશ છે. પ્રેમ,
ત્રીજો રશ ગોરશ ભલો, પીયે કયા હેમ—હાં કોઇ.
ગોરી ગવરી ગાયનાં, ગોરા મીઠાં દુધ.
હું પણ ગોરી ગોરડી, ગોરૂં દીલ છે શુદ્ધ—હાં કોઇ.
હેમ કટોરો હાથમાં, માંહી અમૃતસાર
ચતુર હોય તે ચિતવે, ગુણ સમજે ન ગમાર—હાં કોઇ.

શ્રી તુલશીદાસ કૃત, ભજન. —રાગ-બિહાગ—

બ્હાનાની પત રાખ, પ્રભુ તારા બ્હાનાની પત રાખ;
બ્હાનારે માટે જો દુઃખ દેશો તો, કોણ જપે તારો જાપ—પ્રભુ.
રોહીદાસની તમે પાતરી લીધીને, નવ જોઇ જાત કે ભાત;
સેનાની માટે સનમુખ રહીને, તમે નાઈ કહેવાયા નાથ—પ્રભુ.
પ્રલ્હાદની તમે પ્રતિપાલણા કીધીને, સ્થંભમાં પુર્યો વાસ;
તાતી કઢા તમે શીતળ કીધી, સુધન્વાને માટ—પ્રભુ.
પંચાળીનાં પટકુળ પુર્યાને, રાખી સભામાં લાજ;
સાયરમાંથી બુડતો રાખ્યો, રામ કહેતાં ગજરાજ—પ્રભુ.
ઝે'ર, હતાં તેનાં અમૃત કીધાંને, આપ્યાં મીરાંને હાથ;
મે'તા ને માંડળીકે મારવા ધાર્યો, તો કેદારો લાવ્યા મધરાત—પ્રભુ.
ભક્તોનાં તમે સંકટ ભાંગ્યા ત્યારે દ્રઢ આવ્યો વિશ્વાસ;
તુલશીના સ્વામીને કહું કરજોડી, પુરો અંતર આસ.—પ્રભુ.

શાલિવાહન. —રાગ, ગઝલ કવ્વાલી—

માગું તમારી માયા, કાયા હશે ત્યાં છાયા,
સ્વામીન્ તમારે ચરણે, વૈભવ બધા સમાયા,
જગની તમે વિભૂતિ, વિભૂતિ હું તમારી સ્વામી,
મારા અને તમારા, યોગો અમર લખાયા,
વૈભવ બીજાને આપે, કષ્ટો બીજાનાં કાપે,
પરમાર્થે પ્રાણ ત્યાગે, ત્યાગી ખરા જણાયા,
દીન-રાત જેણે જાગી, સેવા જગતની સાધી,
પ્રભુના બર્યાં એ જીવો, જગમાં પ્રભુ મનાયા—માગું૦

ભોજાભગતને ચાબખો. —:═══:—

પ્રાણીયા ભજી લેને કીરતાર, આ તો સ્વપ્નું છે સંસાર
ધન દોલત અને માલ ખજાનો, પુત્ર અને પરીવાર,
તેતો તજી તમે જાશો એકલા, ખાશો જમના મારરે.—પ્રાણીયા.
ઊંચી મેડીને અજબ જરૂખા, ગોખ તણો નહી પાર,
છત્રપતી તો ચાલ્યા ગયા, તેના બાંધ્યા રહ્યાં છે બારરે.—પ્રાણીયા.
ઉપર પુલડાં ફરફરેને, હેઠળ શ્રીફળ ચાર,
ઠીક કરી એને ઠાઠડીમાં ઘાલ્યો, પછી ગુડે પડે પોકારરે.—પ્રાણીયા.
રોજ તળાઇ વીના સુતો નહીને, કરતો હુન્નર હજાર,
જોળી ખોળીને બાળશે, જેમ લોઢું ગાળે લુહારરે.—પ્રાણીયા.
શમશાન જઇને ચેહ ખડકી, તે ઉપર કાષ્ટનો ભાર,
અગની મુકીને અળગા રહે, પછી અંગે ઝરે અંગાર.—પ્રાણીયા.
સ્નાન કરવા સૌ ચાલીયા, મળી નર સઘળાને નાર,
ભોજોભગત કહે દશ દહાડા રોઇને, વળતી મુકયા વીસારરે.—પ્રાણીયા.

સૌરાષ્ટ્ર વીર.

ઓ..........નીંદરડી ઉડાડો રાણા જાગો કાંઇ રાણી જાયા
ક્ષત્રી વટવાટ તમારી જોતી રહી, જમાનાથી જનની આજ
રોતી રહી—નીંદર.
ચોહાણીએ રણ ચઢાવ્યાં સોળંકીએ શૂર ગુમાવ્યા
ચાવડા કીર્તિ ચોરે ચૌટે ગઇ—એ—જમાનાથી
સુનાં મણી મંદિર મ્હારાં, પ્રભાસના દિવ્ય કિનારા
સુની સુની આજે એ રણવાટો રહી—જમનાથી.
લુંટાયા શું લુંટો લાજ લુંટાઇ ગઇ—
જમાનાથી જનની આજે રોતી રહી—ઓનીંદર

શાલિવાહન.

લક્ષ્મી વિણ લક્ષણવંતાની, હીંમત નહીં અંકાવાની
ભાગ્ય વિનાની લક્ષ્મી ઘરમાં, આવી તે વહી જાવાની—
લક્ષ્મી તું છે મૂળ દુઃખનું, જ્યાં ત્યાં કલેશ જગાવાની,
ચંચળ થઇ ધરધર ફરતી તું, સારા કર્મ તજાવાની—
એકનું લઇ બીજાંને આપે, તું પણ છે મોટી ક્યાંની
હીંમત છે બસ એકજ તારી, હસ્તાનેજ રડાવાની.—

મીરાંબાઇ કૃત ભજન. —રાગ—પદ—

મુખડાની માયા લાગીરે—મોહન તારા —ટેક૦
મુખડું મેં જોયું તારૂં, સરવે જુગ થયું ખારૂં, મન મારૂં રહ્યું ન્યારૂં રે.
સંસારીયાનું સુખ એવું, ઝાંઝવાના નીર જેવું, તેને તુચ્છ કરી ફરીએરે.
સંસારીઆનું સુખ કાચું, પરણીને રંડાવું પાછું, તેને ઘેર શીદ જઇએરે.
પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો, રંડાવવાનો ભે ટાળ્યોરે.
મીરાંબાઇ કહે બલીહારી, આશા એક મને તારી, હવે હું તો બડભાગીરે.

શાલિવાહન. —રાગ ગઝલ—

સુખની ગણાય છાયા, કમનીય જેની કાયા;
આરામ ત્યાં છુપાયા, રમણી મહાન માયા.
મદમસ્ત હસ્તીઓના, કુંભસ્થળો વિદારે;
કે લાખ-ખડ્ગથી જે રોકાય ના લગારે,
તે સ્હેજમાંજ સ્ત્રીના, કરપાસમાં ફસાયા—રમણી૦
અલકાવળીની લટમાં કે રક્ત અધર પટમાં,
દ્રગ બાણની ઝપટમાં, કે ઉભય ઉરજ ઘટમાં;
લપટાય નહીં એવા, નર કોઇ નથી સુજાયા—રમણી૦
એ સ્વર્ગ હોય શ્યામા સંસાર સ્વર્ગ સમજો;
જો નર્ક હોય નારી, તો જગત નર્ક સમજો,
પણ સર્વ જીંદગીનાં સુખ દુઃખ ત્યાં છુપાયાં—રમણી૦

કબીર ભજન. —રાગ. કીરતન—

મુખડા ક્યા દેખો દરપનમેં તેરે દયા ધરમ નહીં મનમેં—મુ૦
જેસી ફુલ રહી ફુલવાડી, બાસ રહિત નીજ ફુલમેં,
એક દીન એસી હો જાયગી, ખાક ઉડેગી તનમેં—મુ૦
ચુવા-ચંદન, અબીર અગરજા, શોભે ગોરે તનમેં,
ધન-જોબન દો ઘડીકા સાથી, છુટ જાવેગા ક્ષણમેં—મુ૦
કોડી કોડી માયા જોડી, સુરત રહે નીજ ધનમેં,
દશ દરવાજા બંધ રહે તો, રહે ગઇ સબહી મનમેં,—મુ૦
વાંસનકી એક નાવ બનાઇ, લે ચલે જંગલમે;
ધરમી ધરમી પાર ઉતર ગયે, પાપી ડુબે જલમેં;
કહત કબીરા સુનો ભાઇ સાધુ, એ ક્યા લગ રહી મનમેં—

રાજા ગોપીચંદ. —રાગ-ઝીંઝોટી-ઠુમરી—

ભજમનરે ભજરામ, દુન્યા ભુલાએ હે-ભજ.
જીવન થોડા રસ્તા બીકટરે, જપ હર પલ હરે નામ—ભજ.
ભોગકો છોડકે જોગકો, લેના, કઠન કઠનરે ય્હે કામ—ભજ.

શાલિવાહન. —:═══:—

જાગ્યું નસીબ હવે જાગ્યું, જીહાં બરાબર,
ભાગ્યું હળદર દુઃખ ભાગ્યું, જીહાં બરાબર.
સોનાનાં ઘરબાર ચણાવું હીરા માણેક છપરે છાવું,
ચાંદીના ચોક હું પુરાવું, જીહાં બરાબર.
દશ હજાર હું દોતીયા રાખું ચોપડા પારાવાર.
પાને પાનું ફેરવી જુવો ઉધાર ના તલભાર.
.......................નાણાવટી કહેવરાવું......
આપણે તો અખેપાતરની શેઠ દીલથી કરશું સેવ,
મન ભાવતું મને આપો નવું નવું અન દેવ.
.....................ખાવું અને ખવરાવું......

ભોજા ભગતનો ચાબખો. —:═══:—

ભરમાવી દુનીયા ભોળીરે, બાવો ચાલ્યો બભૂતી ચોળી—ટેક.
દોરી ધાગાને વળી ચીઠ્ઠી કરીને આપે ગુણકારી ગોળી.
જીવને હણતાં દયા ન આણે જેમ ભીલ કાફર કે કોળી.—ભ૦
નીત નીત દરશન નિગ ધરાવે, ઘેર આવે ત્રીયાની ટોળી,
માઇ માઇ કરીને બાવો બોલાવે, હૃદયે કામની હોળી.—ભ૦
સઘળા શાખ્યને ભેળા કરીને ખાય ખીર ખાંડને પોળી,
ભોજોભગત કહે ભવસાગરમાં બાવે નાખ્યા બોળીરે.—ભ૦

મીરાંબાઈનું ભજન. —રાગ–ભજન.

તું તારા બીરદ સામું જોઈ લે શામળીયા. (૨)
ના જોઈશ કરણી હમારીરે...વ્હાલા...(૨)...તું તારા–(૨)
ભજને કારણ વ્હાલા પેદલ ધાયા (૨) દ્રૌપદીનાં ચીર વધાર્યાં રે–વ્હાલા(૨)
ટીટોડીનારે વ્હાલા, બાળ ઉગાર્યાં (૨) પાળજે પત જગરાયારે વ્હાલા (૨)
–ભાષણ–(જે ગોવરધન ધરણકી જે, વાહ, મીરાં વાહ, ભગત–મીરાં વાહ)

શ્રી સત્યનારાયણ. —:══════:—

કહું આપ વીતી કમ કથા દુઃખીઆરી, કાળજડું નાંખતી સંહારી–કહું૦
આ નગર સાધુ શેઠની, બહુ લાડકી દીકરી હતી;
ખાતાં બગાસું દાસીઓ કંઈ લાખ એ હાજર થતી–કહું૦
મોતી હીરા પ્હેરી ચરણ, ધરણી પરે ના રાખતી;
તે આજ ટુકડા કાજ તમ ઘર, આવીને ભીખ માંગતી–કહું૦
પતીને પીતાજી લેઈને, વ્હાણે વિદેશે સંચર્યા;
ચોરાઈ ગઈ લક્ષ્મી અને, આગે રખડતાં છે કર્યાં.–કહું૦
ચઢતી અને પડતી પ્રભુ, ચીરકાળ કોની ન રાખશે;
ભીખારી પળમાં ભૂપ થઈ, ભૂપ થઈ ભીખ માગશે.–કહું૦

શાલિવાહન. —રાગ, ગઝલ—

રસીલાં પ્રેમીનાં હૈડાં, પ્રીતમમાં રાત દિન રમતાં,
સલુણાં શ્યામનાં સ્વપના નજરથી ના ઘડી ખસતાં
પ્રીતમ જો હોય પાસે તો બધુંયે વિશ્વ પાસે છે,
વસે દુર જો નજરથી એ જગત આ શૂન્ય ભાસે છે.
અધુરાં એ સવાલોના? જવાબો પ્રેમીઓ ખોળે,
અજબ ઉત્તર એ પ્રશ્નોના, એ પ્રશ્નોમાં લખાયાં છે:—

કબીરકૃત. —ભજન–રાગ–પા—

રામ નામ તું ભજલે પ્યારે કાયકુ મગરૂરી કરતા હે,
કુચ્ચી મટીકા બંગલા તેરા, પાવ પલકમે ઢલતા હે.—રામ૦
બ્રાહ્મણ હોકર પૂરાણ વાંચે સ્નાન તરપન કરતા હે,
સરવ કા સુચિત રહેતો, ઓ કયા સાહેબ મીલતા હે—રામ૦
જોગી હોકર જટા બઢાવે, લાલ મસ્તમે રહેતા હે,
ઉપર ધરેકર હાથ સુંકાવે, યો કયા સાહેબ મીલતા હે.—રામ૦
માન ભાવ પડતે કાલે કપડે, દાઢી મુછ મુંડાતા હે,
લઉટી લકડી હાથ પકડકર, ઓ કયા સાહેબ મીલતા હે.—રામ૦
મુલ્લાં હોકર બાંગ પુકારે, ઓ કયા સાહેબ બહિરા હે,
મુંગીકિ પાવમેં અવાજ બાજે, ઓબી અલ્લા સુનતા હે.—રામ૦
જગય હોકર લીંગ બંઢાવે, ઘર ઘર લેકર ફીરતા હે,
શંખ બજાકર ભીક્ષા માંગે, ઓ કયા સાહેબ મીલતા હે.—રામ૦
કહત કબીરા સુનભાઇ સાધુ, મનકી માલા જપતા હે,
ભાવ ભકિતસે ધ્યાન ધરત હે, ઉનકુ સાહેબ મીલતા હે.—રામ૦

એક અબળા. —:═════:—

સંસાર સુધરે કેમ કરી, નહી સમાન જયાં નરનારી–
જયાં જુગતી જોડી હોય નહી, ત્યાં ઉભય જીવન દુઃખકારી–
બાઇ બન્યા બેરીસ્ટરને બાઇ બારાખડી નવ જાણે
બાઇ જાય ભાષણ કરવા તો–બાઇ ઘોડીયાં તાણે
—કોણ સમજે જવાબદારી.
કોલેજ મહીં જે શકુન્તલાની સ્વપન સૃષ્ટીઓ ઘડશે–
કોઇ છાણા વિણનારી એ રસીયાને પાલે પડશે–
ભોગવશે જન્મ બીમારી.

મધુ બંસરી —રાગ-ઉસ્તાદી—

મોરી બૈયા ન પકર ગીરધારી શ્યામ, ચલી ભરન નીર જમુનાકે ધામ.
તુમ તો જાતે સોતન સંગ રહેને, અબ તો સહન પ્યારી શ્યામ...મોરી.

શાહુ-કે-ચોર —રાગ-કવ્વાલી—

સંસાર આ છે ચિત્રમય બાજીગરી દેખાય છે.
અમૃત ભર્યું કે ઝેર એમાં તત્વ ના સમજાય છે.
કોઇ સ્થળે વિદ્વાન જનની વાત તો સમજાય છે.
કોઇ સ્થળે દારૂ નિશામાં દાનવો દેખાય છે.
રમણી રમણના પ્રેમમાં રસરંગ જ્યાં રેલાય છે.
કોઇ સ્થળે નિજ વૃદ્ધ પતિની કથનીઓ કહેવાય છે.
સંગીતના સુરો કહીં—તો રૂદન ક્યાં સમજાય છે.
આનંદ મસ્તી ક્યાં ઉડે તો શોક ક્યાં ઉભરાય છે.
સંસારની માયા મહીં ખોટું ખરૂં ભેળાય છે.
જે જ્ઞાનથી મુક્તિ મળે એ જ્ઞાન ના સમજાય છે.

નરસિંહ મહેતા, —:═══:—

વ્હાલા વેગે આવોરે દયા દીલે લાવોરે, બીડુ મારી ઝાંગવા હોજી.
નહીં આવો તો છાના ઉઘાડું બધાં છીદ્ર....................વાલા.

આહેરડામાં ઉછર્યા ગોવાળીઆમાં વાસ,
કાંધે કાળી કામળી માગી પીતા છાસ.

માતા કેહે, મુક્યાં પુરો મારી આશ, હું રાખુ તમથી દાવોરે...બીડું

બે માના બે બાપના નકટા નિર્લજ બાળ,
મહી માખણના ચોરટા કંસ તણા છે કાળ.

સો. તજી રાણી રાંધાતણી, દુરિજન આપે આળ,ધીરા વેગે આવોરે...બીડું.

શાલિવાહન. —:══════:—

મારી સામે ન જોશો જરાય—નજર મને લાગેરે
—જોતાં નયને નયન ઢળી જાય નજર નહીં લાગેરે—
ભૂલી મને હું સૌને ભૂલાવું:—
—ભૂલો નહીં એવા ભેદ શીખાવું.
મીઠી મુંઝવણી થાય—નજર મને લાગેરે—
જાદુગરી તેં જાદુ ચલાવ્યાં.
મોહન મંત્રથી ભાન ભૂલાવ્યાં, કોને ખબર શું થાય,—

ભજન— —રાગ ગઝલ—

શ્રીરામ કહેનેકી મઝા, જીસકી જબાંપે આ ગયા;
જીવન મુકત હો ગયા, ચારો પદારથ પા ગયા—ટેક.
લુંટી મઝા પ્રહલાદને, ઉસ નામકે પ્રતાપસેં
નરસીંગ હો દર્શન દીયા, ત્રીલોકમેં જશ છા ગયા—શ્રીરામ.
ઐસા ભીલન—સીવરી, કીસ પ્રેમસેં સુમરન કીયા;
પરમાત્મા ઘર આયકે, ઉસ હાથશે ફલ ખાલીયા—શ્રીરામ.
વાલ્મીક જડા અધમ, ઉસ નામકા સુમરન કીયા;
સત કોટી રામાયન કરકે પ્રભુ પદારથ પા ગયા—શ્રીરામ,
સતકોટી દી તકસીરમેં, જબ શંભુને પાયા ઉસે;
આપે કૃપા ઇનકી ભઇ, સદ્દગુરૂમે દર્શન દીયા—શ્રીરામ.
સબસેં બડી દાન કીયા, ભકતોકા ઇસ કલી કાલમેં;
નરસીંહકી હુંડી દ્વારીકામેં, શામરા શિકરા દીયા—શ્રીરામ.
છા રહી કીરત બીમલ, રૂતુરાજસી સંસારમેં;
અબ કે માનીંદ તુલસી, પ્રેમ રસબસા દીયા—શ્રીરામ.

શ્રી બ્રહ્માનંદ ભજન.—રાગ. ગઝલ—

કૃષ્ણ ઘર નંદકે આયે સિતારા હોતો એસા હો.
કરે સબ પ્રેમસે દર્શણ દુલારા હોતો એસા હો.
બકાસુરકો મશલ ડારા, પુતના જાનશે મારી.
કંશકો કેશસે ખેંચા (ખિલારા હો તો એસા હો.
કુદ પાનીકે અંદરશે, નાગકો નાથ કર લાયે,
ચરણ ફણુ પેધરકરકે, નચારા હો તો એસા હો.
તીર જમુનાકે જા કરકે બજાઇ બંસરી મોહન.
ચલી ઘર છોડ બ્રજનારી પિયારા હો તો એસા હો.
રચાઇ રાશ કુંજનમેં; મનોહર રૂપ બન કરકે
દેવ દર્શનકો ચલ આયે; દીદ્દારા હે તો એસા હો.
ગયે જબ છોડ ગોકુળકો નહિ ફીર લોટકર આયે,
સખિ રોતિ રહી બનમેં કીનારા હો તો એસા હો.
પૂરી દ્વારાવતિ જાકર. મહલ સોનેકે બનવાયે,
હજારો રાનિયાં વાંહી, ફસારા હો તો એસા હો.
કુરૂ-પાંડવ લડે રનમેં, જીત અર્જુનકી કરવાઇ,
બચાઇ લાજ દ્રૌપદીકી સહારા હો તો એસા હો.
ઉતારા ભાર ભૂમીકા, સિધારા ધામ અપનેકો,
વો બ્રહ્માનંદ દુનિયાસે, નીયારા હો તો એસા હો.

સુદ્દા પ્રતાપ. —રાગ—પ્રભાત—

જાગી જીવ જો જરી જીવન તારૂં હરી—રાત્રી અંધારી વહી વાયુ વ્હાણું,
અન્ય સૌ પરહરી સમરને શ્રી હરી, ફરી ફરી નહીં મળે આવું ટાણું.
અધિક ગોવિંદથી પણ ગુરૂને ગણી, ગુરૂ પદે પરમ આનંદ માણો,
સાર હીન સકળ સંસારમાં, સારનો સાર શ્રીહરિ તણું નામ જાણો.

શ્રીબ્રહ્માનંદ ભજનમાળા—ભજન, રાગ, જંગલા. તાલ ૩

આજ ખેલન મત જા મેરી સજની, શામ સુંદર ઘર આવત હૈરી—ટેક.
મોરમુગટ સિર ઉપર રાજે, ગલે બન માલ સુહાવત હૈરી—આજ.
બંશી અધર લગાય બજાવે, મધુર મધુર ધુન ગાવત હૈરી.—આજ.
પીતવસન—મકરા કૃતિકુંડલ, પગ નપૂર ઝણકાવત હૈરી—આજ.
બ્રહ્માનંદ પ્રેમવશ મોહન, અખિયન દરશન દિખાવત હૈરી.—આજ.

નરસિંહ મહેતા કૃત ભજન—રાગ-પદ—

સંતો અમે વેહવારીઆ, શ્રીરામ નામના વેહેપારી આવેરે બધા ગામગામના.
અમારૂ વસાણુ સાધુ સહુકોને ભાવે અઢારે વરણ જેને હોરવાને આવે.
અમારૂ વસાણુ કાળ—દુકાળે ન ખુટે, ચોર ન લુંટે જેને રાજા ન દંડે—સંતો.
રામનામ ધન્ય મારે, વાજે ને ગાજે, છપ્પન ઉપર ભેળ ભુંગળો વાગે—સંતો.
લાખ તણા તો લેખા નહીને પાર વિનાની છે પુંજી,
હોરવું હોય તો હોરી લેજો કસ્તુરી છે સુંઘી—સંતો.
આવશેને ખાતાવહીમાં લક્ષ્મીવરનું નામ,
ચોઠીમાં ચતુરભુજ લખીયા નરસઇયાનું નામ—સંતો.

સોનેરી જાળ -રાગ—ભજન-

(તારૂં)—નાવલડું હંકાર સાજન ધીરે ધીરે,
ભવસિંધુ આ ભયકાર, સાજન ધીરે ધીરે...તારૂં.
મદીરા પી મન માકડું કુદે, નાવડું ચુરા થાય,...સાજન.
અહંભાવના વાદળ છાયાં, હૃદયાકાશની માંય.
મદમત્સરનો મેહુલો વરસે, ડુબતી હોડી જાય;
દિશા દુર્ગમ લીધી દુર્યોધનની, સીધી ભૂલ્યો વાટ,
સત્ય ધ્રુવનો તારલો ચુક્યો, કેમ મળે મુક્તિ ઘાટ...સાજન.

હેડી લાજવન્તી. —રાગ-ભજન—

ઊંચે મહેલ અટારી બાંધે તુ જાને નહી મરના,
શ્વાસા તો વિશ્વાસ નહી ઓર, અમર ભરોસા કરના.
તુ જાને ધરતી મેરી, ધરતી કહે તું મેરા.
રજની પૃથવી ઘેરી કહાં તક, અંત તો હુવા સવેરા.
કોઇ કંચનકી લંકા લુટાયે ગએ, કોઇ કૌરવકા ગૌરવ મીટાયે ગએ;
કંઇ લાખો સીકંદર બનાએ ગએ, જીનકે ઝંડે વિજયકે ધુમાએ ગએ,
બડે છત્રપતી જો કહાએ ગયે, ખાત્રી હાથો જગતમે સબ આએ ગએ.

વિણુાવેલી. —:═══:—

સુંદર શામળીયા, નામ જપીશ નિત્ય તારૂં—સું૦
મનહરના મળીયા, કાશી કરવત ધારૂં—સું૦
શામળા શણગાર હમારા, કાળજુ હર્યું કામણગારા,
વીનવે કરગરી દીન દારા, દર્શન દો દીલદાર તમારા;
કયાં હું, કહું દુ:ખ મારૂં.—સુંદર શામળીયા.
આસપાસ નહીં વાસ નિહાળું, આહાહા, ત્રિભુવન ભાસતું કાળું,
નિરખું નહીં મુખડું તારૂં જાઇ હીમાલય ગાત્ર હું ગાળું.

કબીર ભજન. —રાગ ભજન પદ—

દયા-ધરમ નહીં મનમેં, મુખડાં કયા-દેખો દરપનમે,
કાગજકા એક નાવ બનાયા, છોડા સમંદર જલમે,
નુગરા બેઠન વાલા ડુબે, સુગરા તરજાય છિનમે,-મુ.
મુચ્છ સમારી પાઘડી બાંધી, તેલ લગાવત તનમેં,
ડુંગરકા પાની જોબનકા લટકા, ઢલજાવેગા છીનમેં-મુ.
ઓર કાયામાં ધાસ ઉગત હયે, ગૌઆ ચરત હયે બનમેં,
કહત કબીરા સુનોભાઇ સાધુ, રહ ગઇ મનકી મનમેં-મુ.

શુકદેવજી.

સુખ દુઃખ મનનાં કારણ સજની, મન પર સૌ આધાર;
જેનું મન જેથી માન્યું તેમાં—સુખ તેને સાર ...સુખ.
યોગી છે યોગે રાજી, (૨) ભોગી ઉપભોગે રાજી (૨)
રાજી વનવાસી વન મોઝાર
સજની રાજી વનવાસી વન મોઝાર.............. સજની.
ડહેલે ઘરબારી રાજી, મ્હેલે દરબારી રાજી, (૨)
રાજી જેનો જેવો અધીકાર;
સજની રાજી જેનો જેવો અધિકાર..............સજની.

અબજોનાં બંધન. રાગ—"ભજન"

જાન હે જાના, સબકો હે જાના,
સોહન જીસમે પહોચાના, ફિર નહિ આના જાના—ટેક
કાયા ઘડ કચ્ચા ભાઇ, માયા બાદલકી છાંઇ,
લડકા લડકી લુગાઇ, સ્વારથકી હે સગાઇ, મત હોના દિલગીર—
માલ ખજાના અપના હાથી, ઘોડા ઔર સમયાના,
સબકો છોડ અકેલાહી જાના, આવે પરવાના;
જમ એકકુ ન ચલે બ્હાના, ચલતી નહીં તદબીર.—ટેક.

સમાપ્ત.

વાંચવા અને સંઘરવાલાયક પુસ્તકો.

બીરબલ અને બાદશાહની વાતો મોટી બુક હાજર જવાબી અને બુદ્ધી વર્ધક વાતોથી ભરપુર. કી. ૦-૧૨-૦.

સ્ત્રી ચરિત્રની વાર્તા-સ્ત્રીઓની કપટ લીલા વાંચી કેટલા હોંશીયાર રહેવાની જરૂર છે તે શીખો. કી. ૦-૮-૦.

જાદુઇ માછલી અને પત્થરનો પાદશાહ, ભાગ ૧-૨ સાથે ચમત્કારી બનાવોથી ભરપુર વાર્તા કી. ૦-૧૨-૦.

ચતુર સુંદર ગરબાવળી. મ્હોટી-શહેરમાં અને ગામડે ગામડે પ્રખ્યાત થયલાં ગીત ગરબાંનો મોટો સંગ્રહ કી. ૦-૧૨-૦.

સંતસમાજ ભજનાવળી-ભકતી જ્ઞાનથી ભરપુર. સાધુજનોનાં પ્રસાદી કાવ્યોની મોટી બુક કી. ૦-૧૨-૦.

કોકશાસ્ત્ર-સંસારની ગુપ્ત વાતો સ્ત્રીપુરૂષનો ભેદ વીગેરે અસંખ્ય જાણવા જેવી દુર્લભ વાતો કી ૧-૪-૦.

જાદુકળા-મંત્ર, તંત્ર અને હાથ ચાલાકીના ખેલો, જારણ મારણ વશીકરણ વીગેરે અને બાબતો. કી. ૧-૦-૦.

જંગલની જડીબુટ્ટી-ચમત્કારી દવાથી ભરપુર. કી. ૦-૮-૦.

હુન્નર શિક્ષક-વગર મુડીએ ધંધો કરી. પૈસા પેદા કરવાનું સાધન. એકવાર જરૂર વાંચો-શીખો-અને કમાઓ, કી. ૧-૪-૦.

ગાઇડ ટુ ઇંગ્લીશ ટીચર, વગર માસ્તરે ઘેર બેઠાં અંગ્રેજી લખતાં વાંચતા અને વાત કરતાં શીખનાર પુસ્તક. કી. ૧-૪-૦

દરેકની કીમત ઉપરાંત પોષ્ટ ખર્ચ વધુ-મળવાનું ઠેકાણું:—

શા. ચુનીલાલ મગનલાલ બુકશેલર.

રાણીતલાવ-સુરત.

વેપારી આલમને વધામણી.

જુના અને જાણીતા કાગઝી

મહમુદ એન્ડ મહમદભાઈની દુકાન સુરત અને

—: સુરત જીલ્લામાં વર્ષોથી જાણીતી છે. :—

આ દુકાને દરેક જાતની સ્ટેશનરી દરેક જાતનાં કાગળો, એકસરસાઇઝ બુકો દરેક જાતની નોટ બુકો, નાની મોટી સાઇઝની ડાયરી બુકો, રોજમેળ, નામાનાં ચોપડાઓ (સુરતના ચોપડાઓ) દરેક સાઇઝના–સ્કુલોને લગતી તમામ ચોપડીઓ, ડ્રાઇંગનો સામાન, વાર્તા, નોવેલો, ગાયન, ગઝલ–વીગેરેની બુકો, દરેક જાતનાં પંચાગો, કેલેન્ડરો વીગેરે વીગેરે. છુટક તથા જથ્થાબંધ હમેશાં તૈયાર મળશે. એ ઉપરાંત

પતંગ, (કનકવા) દોરી, માંજો, પણ હમારે ત્યાં જથ્થાબંધ તેમજ છુટક મળશે. વેપારીઓ એ એક વાર જરૂર હમારી દુકાનની મુલાકાત લેવી છુટક તથા જથ્થાબંધ માલ મળવવાનું ઠેકાણું.

મોટી ઘડીયાળ આગળ અલાયાની વાડી સામે દુકાન

કાગઝી મહમુદ એન્ડ મહમદભાઇને.

મળો અથવા લખો.